

આહાહા ! પુરુષાર્થ, કેવળજ્ઞાન, મુક્તિ આદિ બધી પર્યાય તેના ક્રમમાં જ છે. આવી વસ્તુસ્થિતિ છે, પણ શું થાય ! સર્વજ્ઞ મળે તો તેની સાક્ષી આપે !

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ


કહાન સં. ૧૮ સં. ૨૦૫૪ [૬૫૦] * **આત્મધર્મ** * [અંક-૬ વર્ષ-૫૪] વીર સં. ૨૫૨૪ ડિસેમ્બર-૧૯૯૭

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ આ રીતે વ્રત, સમિતિ, ગુપ્તિ, ધર્મ, બાર અનુપ્રેક્ષા, પરિષહજય અને ચારિત્રરૂપ ભાવસંવરના કારણોનું જે વ્યાખ્યાન કર્યું તેમાં નિશ્ચયરત્નત્રયના સાધક વ્યવહારરત્નત્રયરૂપ શુભોપયોગનું પ્રતિપાદન કરનારાં જે વાક્યો છે તેને પાપાસ્રવના સંવરના કારણ જાણવાં. અને જે વ્યવહારરત્નત્રયથી સાધ્ય શુદ્ધોપયોગ-લક્ષણવાળા નિશ્ચયરત્નત્રયનું પ્રતિપાદન કરનારાં વાક્યો છે તેને પુણ્ય-પાપ એ બંનેના સંવરના કારણ જાણવાં. ૪૮૭.

*(શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતદેવ, બૃહદ્ દ્રવ્યસંગ્રહ, ગાથા-૩૫ની ટીકામાંથી)*

❀ હે જિનેન્દ્ર ! આપનું શાસન એક તરફથી તો દુઃખથી છૂટવા માટેનો ઉદ્યમ કરાવે છે અને વળી બીજી તરફ પરાણે દુઃખનો ભાર વહેવડાવે છે અર્થાત્ તપશ્ચરણાદિ કષ્ટ સહન કરવાનો ઉપદેશ આપે છે—આવું, બીજાઓ જેની સાથે ઘર્ષણ ન કરી શકે એવું આપનું અજેય શાસન જગતમાં દુઃખના કારણોને પણ મૂળથી ઊખેડી નાખે છે. ૪૮૮.

*(શ્રી અમૃતચંદ્ર આચાર્ય, લઘુતત્ત્વસ્ફોટ, સ્તુતિ-૮, શ્લોક-૨૨)*

❀ લોકમાં જે ધન જિનાલયનું નિર્માણ કરવામાં, જિનદેવ, આચાર્ય અને પંડિત અર્થાત્ ઉપાધ્યાયની પૂજામાં, સંયમીજનોને દાન આપવામાં, અતિશય દુઃખી પ્રાણીઓને પણ દયાપૂર્વક દાન આપવામાં તથા પોતાના ઉપભોગમાં પણ કામ આવે છે, તેને જ નિશ્ચયથી પોતાનું ધન સમજવું જોઈએ. તેનાથી વિપરીત જે ધન આ ઉપર્યુક્ત કામોમાં ખરચવામાં આવતું નથી તેને કોઈ બીજા જ મનુષ્યનું ધન સમજવું જોઈએ. ૪૮૯.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિકા, દાન અધિકાર, શ્લોક-૩૭)*

❀ જેમ મુઠ્ઠી વડે આકાશ ઉપર પ્રહાર કરવો નિરર્થક છે, જેમ ચોખાને માટે ફોતરાને ખાંડવા નિરર્થક છે, જેમ તેલને માટે રેતીને પીલવી તે નિરર્થક છે, જેમ ઘી માટે જળને વલોવવું તે નિરર્થક છે, કેવળ મહાન ખેદનું કારણ છે. તેમ અશાતાવેદનીયાદિ અશુભ કર્મનો ઉદય આવતાં વિલાપ કરવો, રડવું, કલેષિત થવું, દીન વચનો બોલવા નિરર્થક છે—દુઃખ મટાડવાને સમર્થ નથી, પરંતુ વર્તમાનમાં દુઃખ વધારે છે અને ભવિષ્યમાં તિર્યંચગતિ તથા નરકનિગોદના કારણભૂત તીવ્ર કર્મ બાંધે છે જે અનંતકાળમાં પણ છૂટતા નથી. *(શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા-૧૬૨૫)*

કહાન
સંવત-૧૮
વર્ષ-૫૫
અંક-૬
[ ૬૫૦ ]




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર
સંવત
૨૫૨૪
સં. ૨૦૫૪
DEC.
A. D. 1997

# વીતરાગી વિજ્ઞાનમાં જણાતા વિશ્વના જ્ઞેય પદાર્થોનો સ્વભાવ

[ શ્રી પ્રવચનસાર ગાથા-૯૯ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

[ સળંગ પ્રવચન નં. ૬ ]

જેણે ધર્મ કરવો હોય તેણે કેવું વસ્તુસ્વરૂપ જાણવું જોઈએ તેની આ વાત છે. ધર્મ તે આત્માની પર્યાય છે એટલે તે આત્મામાં જ થાય. આત્માનો ધર્મ પરમાં ન થાય તેમ જ પર વડે પણ ન થાય, તેમ જ તે ધર્મ પર્યાયમાંથી પણ થતો નથી પણ દ્રવ્યમાં જ થાય છે. ધર્મ તો પર્યાયમાં જ થાય છે પણ તે પર્યાયવડે ( એટલે કે પર્યાય સામે જોવાથી કે પર્યાયનો આશ્રય કરવાથી ) ધર્મ ન થાય પણ દ્રવ્યની સન્મુખતાથી પર્યાયમાં ધર્મ થાય છે. પરનો તો આત્મામાં અભાવ છે એટલે પર સામે જોવાથી ધર્મ થતો જ નથી.

હવે પોતાની અવસ્થામાં જેને ધર્મ કરવો છે તેને અધર્મને ટાળવો છે ને ધર્મપણે થઈને આત્માને સળંગ ટકાવી રાખવો છે. જુઓ આમાં 'ધર્મ કરવો છે' એમ કહેતા તેમાં નવી પર્યાયના ઉત્પાદનો સ્વીકાર આવી જાય છે 'અધર્મને ટાળવો છે' તેમાં પૂર્વપર્યાયના વ્યયનો સ્વીકાર આવી જાય છે અને 'આત્માને સળંગ ટકાવી રાખવો છે' એમાં સળંગ પ્રવાહ અપેક્ષાએ ધ્રુવનો સ્વીકાર આવી જાય છે. એ રીતે ધર્મ કરવાની ભાવનામાં વસ્તુના ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવનો સ્વીકાર આવી જાય છે. વસ્તુમાં જો ઉત્પાદ-વ્યય-ધ્રુવ ન થતા હોય તો અધર્મ ટળીને ધર્મની ઉત્પત્તિ થાય નહિ ને આત્મા સળંગ ટકી શકે નહિ અને તે ઉત્પાદ-વ્યય-ધ્રુવ પણ જો કાળના

નાનામાં નાના ભાગમાં ન થતા હોય તો એક સમયમાં અધર્મ ટાળીને ધર્મ થઈ ન શકે. માટે ધર્મ કરનારે વસ્તુને સમયે સમયે ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવવાળી જાણવી જોઈએ.

દ્રવ્ય-ગુણ કાયમ છે ને પર્યાય ક્ષણિક છે, તે ત્રણેને જાણીને કાયમી દ્રવ્ય તરફ વર્તમાન પર્યાયને વાળ્યા વગર ધર્મ થતો નથી. વસ્તુમાં અવસ્થા તો નવી નવી થયા જ કરે છે. જો નવી અવસ્થા ન થાય તો ધર્મ કેમ પ્રગટે ? તથા જો જૂની અવસ્થાનો અભાવ ન થાય તો અધર્મ કેમ ટળે ? અને જો સળંગપણે પરિણામોમાં ધ્રુવતા ન રહેતી હોય તો દ્રવ્ય ટકે કયાં ? માટે વસ્તુમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે એ ત્રણેને જાણવા જોઈએ. પરિણામમાં વસ્તુ વર્તે છે તેથી તે વસ્તુ પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવ એવા ત્રિલક્ષણવાળી જ છે.

કોઈ પણ પરિણામ લ્યો તો પ્રવાહની અતૂટધારામાં તે ધ્રુવ છે. પોતાના સ્વકાળ અપેક્ષાએ તે ઉત્પાદરૂપ છે ને પૂર્વપરિણામ અપેક્ષાએ તે વ્યયરૂપ છે. એ રીતે પરિણામ ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત સત્ છે. પરિણામ કોઈ બીજા પદાર્થને લઈને થતા નથી પણ તે સ્વયં પોતાના અવસરમાં સત્ છે.

જિન ભગવાનની વીતરાગી મૂર્તિને કારણે કે ગુરુના ઉપદેશને કારણે જીવને રાગના કે જ્ઞાનના પરિણામ થયા—એમ નથી. તેમ જ પર જીવ બચ્યો માટે અહીં અનુકંપાના ભાવ થયા—એમ નથી. પણ જીવના પ્રવાહક્રમમાં તે તે ભાવવાળા પરિણામ સત્ છે. કોઈ પણ દ્રવ્યના પરિણામની સળંગ ધારામાં એક પણ સમયની ત્રુટ પડતી નથી. જો આમ પરિણામને ઓળખે તો તે પરિણામોના પ્રવાહમાં વર્તતા દ્રવ્યને પણ ઓળખે. કેમકે પોતાના પરિણામના સ્વભાવને કોઈ દ્રવ્ય છોડતું નથી—ઉલંઘતું નથી.

આવો વસ્તુસ્વભાવ સમજ્યા વિના કયાંય બહારથી ધર્મ આવી જવાનો નથી. જેમ સાંઠીના ભારા વેંચતા લખપતિ ન થવાય, પણ હીરા-માણેકના પારખાં કરતા શીખે તો તેના વેપારથી લખપતિ થવાય. ( આ તો દૃષ્ટાંત છે. ) તેમ અંતરના ચૈતન્ય-હીરાને પરખવાની કળામાં જ ધર્મની કમાણી થાય તેમ છે, એ સિવાય કોઈ બાહ્ય ક્રિયાકાંડથી કે શુભરાગથી ધર્મની કમાણી થતી નથી. જુઓ, આ તો દ્રવ્યાનુયોગનો સૂક્ષ્મ વિષય છે એટલે અંદર ઝીણી દૃષ્ટિ કરે તો સમજાય તેવું છે.

વસ્તુમાં જે કાળે જે પરિણામ થાય છે તે સત્ છે, ત્રણકાળના પરિણામો પોત પોતાના કાળે સત્ છે ને એવા પરિણામમાં દ્રવ્ય વર્તમાન-વર્તમાન વર્તી રહ્યું છે. તે દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રુવ એવા ત્રણ લક્ષણવાળું છે. ઉત્પાદ, વ્યય ને ધ્રુવ એમ ત્રણ જુદા જુદા લક્ષણ નથી, પણ ઉત્પાદ-વ્યય ને ધ્રુવ એ ત્રણે થઈને દ્રવ્યનું એક લક્ષણ છે.

ભાઈ ! તારા જ્ઞાનમાં તું એવો નિર્ણય કર કે દ્રવ્યમાં જે સમયે જે પરિણામ છે તે સમયે તે જ સત્ છે, તેનો હું જ્ઞાતા છું, તેમાં કાંઈ ફેરફાર કરનાર નથી.—આમ જાણતા પર્યાયના રાગનું સ્વામીપણું ને અંશબુદ્ધિ ટળી જાય છે, ને દ્રવ્યના લક્ષે સમ્યક્ત્વ ને વીતરાગતા થાય છે, તે જ ધર્મ છે.

દરેક દ્રવ્ય ભિન્ન ભિન્ન છે; તે ભિન્ન દ્રવ્યના ઉત્પાદ-વ્યય-ધ્રુવવડે તે તે દ્રવ્યની સત્તા ઓળખાય છે. એક દ્રવ્યના ઉત્પાદ-વ્યય-ધ્રુવ વડે બીજા દ્રવ્યની સત્તા ઓળખાતી નથી. શરીરમાં રોટલા ન આવ્યા તે પરિણામ વડે પુદ્ગલદ્રવ્યની સત્તા ઓળખાય છે, પણ તેના વડે જીવના ધર્મપરિણામ ઓળખાતા નથી. રોટલા ન આવ્યા ત્યાં પુદ્ગલદ્રવ્ય જ તેની પરિણામધારામાં વર્તતું થકું તે પરિણામ વડે લક્ષિત થાય છે અને તે વખતે આત્મા પોતાના પરિણામ વડે લક્ષિત થાય છે. જે દ્રવ્યના જે પરિણામ હોય તેના વડે તે દ્રવ્યને ઓળખવું જોઈએ, તેને બદલે એક દ્રવ્યના પરિણામ બીજા દ્રવ્યે કર્યા—એમ જે માને છે તેણે વસ્તુના પરિણામસ્વભાવને જાણ્યો નથી એટલે કે સતને જ જાણ્યું નથી. વસ્તુ સત્ છે, ને સત્નું લક્ષણ ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે, એટલે વસ્તુમાં સ્વભાવથી જ સમયે સમયે ઉત્પાદ-વ્યય-ધ્રુવ થયા જ કરે છે, તો બીજો તેમાં શું કરે?--કાં તો જ્ઞાતા રહીને વીતરાગભાવ કરે, ને કાં તો ફેરફાર કરવાનું અભિમાન કરીને મિથ્યાભાવને કરે, પણ પરપદાર્થમાં તો કાંઈ પણ ફેરફાર કરી શકતો નથી.

'જીવના વ્રત કરવાના ભાવને લીધે દ્વારિકાનગરી સળગતી બચી ગઈ ને વ્રત કરનાર કોઈ ન રહ્યો તેથી તે દ્વારિકા સળગી'—એમ જે માને છે તેને વસ્તુના સ્વભાવની ખબર નથી. અથવા તો કોઈ જીવના ક્રોધ પરિણામને લીધે દ્વારિકા સળગી—એમ પણ નથી. દ્વારિકા નગરીનો એકેક પુદ્ગલ પોતાના પરિણામની ધારામાં વર્તી રહેલ દ્રવ્ય છે. તેના પ્રવાહક્રમમાં તેના સ્વકાળે તેના પરિણામ થયા છે ને વ્રત કે ક્રોધાદિ જીવના પરિણામ થયા તેમાં તે જીવદ્રવ્ય વર્તે છે. સૌ દ્રવ્ય પોત પોતાના પરિણામમાં ભિન્ન ભિન્ન વર્તે છે. તેમાં એકના પરિણામને લીધે બીજાના પરિણામ થાય કે અટકે એમ માનનાર મૂઢ છે; ભગવાને કહેલા ત્રિલક્ષણ વસ્તુસ્વભાવને તેણે નથી જાણ્યો.

વસ્તુ સમયે સમયે પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવને કરે કે પરના ઉત્પાદ-વ્યય-ધ્રુવને કરવા જાય? પરવસ્તુ પણ તેના સ્વભાવથી જ ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળી છે. વસ્તુ પોતાના વર્તમાન પરિણામને ઓળંગીને બીજાના પરિણામ કરવા જાય એમ કદી બને નહીં. નિમિત્તના બળથી ઉપાદાનના પરિણામ થાય એ વાત આમાં ક્યાંય રહેતી નથી.

દરેક વસ્તુ પોતે નિત્ય-પરિણામી સ્વભાવવાળી છે—'પરિણમતો-પરિણમતો નિત્ય' સ્વભાવ છે. આવા સ્વભાવમાં સદાય રહેલી વસ્તુ પોતે ઉત્પાદ-વ્યય-ધ્રુવ સહિત છે—એમ આનંદથી માનવું—અનુમોદવું.

હવે મોતીના હારનું દૃષ્ટાંત આપીને વસ્તુનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ સમજાવે છે.

"જેમ જેણે (અમુક) લંબાઈ ગ્રહણ કરેલી છે એવા લટકતા મોતીના હારને વિષે, પોત પોતાના સ્થાનોમાં સમસ્ત મોતીઓમાં, પછી પછીના સ્થાનોએ પછી પછીના મોતીઓ પ્રગટ થતા હોવાથી અને પહેલાં પહેલાંના મોતીઓ નહિ પ્રગટ થતા હોવાથી તથા બધેય પરસ્પર અનુસ્યૂતિ રચનારો દોરો અવસ્થિત હોવાથી ત્રિલક્ષણપણું પ્રસિદ્ધ પામે છે."

હારમાં એક-બે મોતી નથી પણ ઘણાં મોતીઓનો હાર છે અને તે હાર એમ ને એમ પડેલો નથી પણ 'લટકતો' લીધો છે. ૧૦૮ મોતીનો હાર લ્યો તો તેમાં બધાય મોતી પોત પોતાના સ્થાને પ્રકાશે છે ને પછી પછીના સ્થાને પછી પછીનું મોતી પ્રકાશે છે, એટલે તે મોતી અપેક્ષાએ હારનો ઉત્પાદ છે. તથા એક પછી બીજા મોતીને લક્ષમાં લેતાં પહેલાંનું મોતી લક્ષમાંથી છૂટી જાય છે એટલે પહેલાનું મોતી પછીના સ્થાને પ્રકાશતું નથી તે અપેક્ષાએ હારનો વ્યય છે અને બધા મોતીઓમાં પરસ્પર સંબંધ જોડનારો સળંગ દોરો હોવાથી હાર ધ્રુવરૂપ છે—એ રીતે હાર ઉત્પાદ-વ્યય-ધ્રુવ એવા ત્રણ લક્ષણવાળો નક્કી થાય છે. હારનું દરેક મોતી પોતપોતાના સ્થાનમાં છે, પહેલું મોતી બીજે ન હોય, બીજું ત્રીજે ન હોય. જ્યાં જે છે ત્યાં જ તે છે, પહેલાંના સ્થાનમાં પહેલું મોતી છે, પછીના સ્થાનમાં પછીનું મોતી છે, ને હારનો સળંગ દોરો બધેય છે. મોતીની માળા ગણતા પછી પછીનું મોતી આંગળીના સ્પર્શમાં આવતું જાય છે તે અપેક્ષાએ ઉત્પાદ, પહેલાં પહેલાંનું મોતી છૂટતું જાય છે તે અપેક્ષાએ વ્યય ને માળાના પ્રવાહ તરીકે પ્રત્યેક મોતીમાં વર્તતી માળા ધ્રુવ છે—એ રીતે તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે.

એ પ્રમાણે દૃષ્ટાંત કહ્યું, હવે સિદ્ધાંત કહે છે—

"મોતીના હારની જેમ, જેણે નિત્યવૃત્તિ ગ્રહણ કરેલી છે એવા રચાતા (પરિણમતા) દ્રવ્યને વિશે, પોત પોતાના અવસરોમાં પ્રકાશતા (પ્રગટતા) સમસ્ત પરિણામોમાં, પછી પછીના અવસરોએ પછી પછીના પરિણામો પ્રગટ થતા હોવાથી અને પહેલાં પહેલાંના પરિણામો નહિ પ્રગટ થતાં હોવાથી તથા બધેય પરસ્પર અનુસ્યૂતિ રચનારો પ્રવાહ અવસ્થિત (-ટકતો) હોવાથી ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે."

દૃષ્ટાંતમાં અમુક લંબાઈવાળો હાર હતો, સિદ્ધાંતમાં નિત્યવૃત્તિવાળું દ્રવ્ય છે.

દૃષ્ટાંતમાં લટકતો હાર હતો, સિદ્ધાંતમાં પરિણમતું દ્રવ્ય છે.

દૃષ્ટાંતમાં મોતીઓને પોત પોતાનું સ્થાન હતું, સિદ્ધાંતમાં પરિણામોને પોત પોતાનો અવસર છે.

ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવવાળું આખું દ્રવ્ય સત્ છે, તેમાં ક્યાંય ફેરફાર થતો નથી.—આમ આખું સત લક્ષમાં આવ્યા વિના જ્ઞાનમાં ધીરજ થાય નહિ. જેને પરમાં ક્યાંય ફેરફાર કરવાની બુદ્ધિ છે તેનું જ્ઞાન અધીરું-આકુળ-વ્યાકુળ છે ને સતને જાણતાં ક્યાંય ફેરફારની બુદ્ધિ ન રહી એટલે જ્ઞાન ધીરું થઈને પોતામાં ઠર્યું—જ્ઞાતાપણે રહ્યું. એમને એમ આખું દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવથી સત્ પડયું છે—એમ દ્રવ્યમાં દૃષ્ટિ જતા સમ્યક્ત્વનો ઉત્પાદ ને મિથ્યાત્વનો વ્યય થયો ને પછી પણ તે દ્રવ્યની સન્મુખતાથી ક્રમે ક્રમે વીતરાગતા વધતી જાય છે—આવો ધર્મ છે.

દરેક દ્રવ્ય નિત્ય ટકતું છે; નિત્ય-ટકતું દ્રવ્ય લટકતા હારની જેમ સદાય પરિણમતું છે; તેના પરિણામો પોત પોતાના અવસરમાં પ્રકાશે છે. જેમ માળામાં મોતીઓનો ક્રમ નક્કી ગોઠવાયેલો છે, માળા ફરતા તે ક્રમ આડાઅવળો થતો નથી. તેમ દ્રવ્યના દરેક પરિણામનો નિશ્ચિત સ્વઅવસર છે, દ્રવ્યના ત્રણકાળના પરિણામોનો પોત પોતાનો જે અવસર છે તે અવસરમાં જ તે થાય છે, આડાઅવળા થતા નથી.—આવો નિશ્ચય કરતાં જ જ્ઞાનમાં વીતરાગતા થાય છે. આ નક્કી કરતાં અનંતું વીર્ય પરથી પાછું ખસીને દ્રવ્ય તરફ વળી ગયું. પર્યાય મૂઢતાનો નાશ થઈ ગયો ને દ્રવ્યની સન્મુખતાથી વીતરાગતાની ઉત્પત્તિ થવા લાગી. સામા પદાર્થના પરિણામો તેના અવસરે ને મારા પરિણામો મારા અવસરે,—એમ નક્કી કર્યું એટલે પરમાં કે સ્વમાં ક્યાંય પરિણામના ફેરફારની બુદ્ધિ ન રહેતાં જ્ઞાનમાં જ એકાગ્રતા પામે છે. તેને જ ધર્મ અને મોક્ષમાર્ગ કહેવાય છે.

એક તરફ કેવળજ્ઞાન ને સામે દ્રવ્યના ત્રણકાળના સ્વ-અવસરમાં થતા સમસ્ત પરિણામો, એમાં ફેરફાર થવાપણું છે જ નહીં. લોકો પણ 'ઉતાવળે આંબા ન પાકે' એમ કહીને ત્યાં ધીરજ રાખવાનું કહે છે તેમ 'દ્રવ્યના પરિણામમાં ફેરફાર ન થાય' એમ વસ્તુસ્થિતિની પ્રતીતિ કરતાં જ્ઞાનમાં ધીરજ આવી જાય છે. અને જ્યાં જ્ઞાન ધીરું થઈને સ્વમાં વળવા લાગ્યું ત્યાં મોક્ષપર્યાય થતાં વાર લાગે નહિ. આ રીતે ક્રમબદ્ધપર્યાયની પ્રતીતમાં મોક્ષમાર્ગ આવી જાય છે.

દ્રવ્યના બધા પરિણામો સ્વ-અવસરમાં પ્રકાશે છે એ સામાન્યપણે વાત કરી

તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ ઉતારે છે. દ્રવ્ય જ્યારે જુઓ ત્યારે વર્તમાન પરિણામમાં વર્તે છે. વર્તમાનમાં તે કાળના જે પરિણામ છે તે કાળે તે જ પ્રકાશે છે અને તેની પહેલાંના પરિણામો તે વખતે પ્રકાશતા નથી. પહેલાં પરિણામના ઉત્પાદ-વ્યય-ધ્રુવ સિદ્ધ કરતી વખતે 'વર્તમાન પરિણામ પૂર્વ પરિણામના વ્યયરૂપ છે' એમ કહ્યું હતું અને અહીં દ્રવ્યનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ સિદ્ધ કરવામાં કથનશૈલી ફેરવીને એમ કહ્યું કે 'વર્તમાન પરિણામ વખતે પૂર્વના પરિણામ પ્રગટ થતા નથી.'—માટે તે પૂર્વપરિણામની અપેક્ષાએ દ્રવ્ય વ્યયરૂપ છે. જે પરિણામમાં દ્રવ્ય વર્તી રહ્યું હોય તે પરિણામની અપેક્ષાએ દ્રવ્ય ઉત્પાદરૂપ છે. તેની પહેલાંના પરિણામ કે જે અત્યારે પ્રગટ નથી તેની અપેક્ષાએ દ્રવ્ય વ્યયરૂપ છે ને બધાય પરિણામમાં સળંગ વહેતા દ્રવ્યના પ્રવાહની અપેક્ષાએ તે ધ્રુવરૂપ છે—એ પ્રમાણે દ્રવ્યનું ત્રિલક્ષણપણું જ્ઞાનમાં નક્કી થાય છે. આવો જ્ઞેયોનો નિર્ણય કરનારું જ્ઞાન સ્વમાં ઠરે છે, તેનું નામ **तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शन** છે.

મોતીની માળા લઈને જાપ જપતો હોય, તેમાં પહેલાં એક મોતી આંગળીના સ્પર્શમાં હોય ને પછી તે છૂટીને બીજું મોતી આંગળીના સ્પર્શમાં આવે, તે વખતે પહેલું મોતી સ્પર્શમાં હોતું નથી, એટલે પહેલાં મોતીના સ્પર્શની અપેક્ષાએ માળાનો વ્યય થયો, બીજા મોતીના સ્પર્શની અપેક્ષાએ માળાનો ઉત્પાદ થયો અને 'માળા' તરીકેનો પ્રવાહ તો ચાલુ જ રહ્યો તેથી માળા ધ્રુવ રહી. એ પ્રમાણે એક પછી એક થતા પરિણામમાં વર્તનારા દ્રવ્યમાં પણ ઉત્પાદ, વ્યય ને ધ્રુવ સમજવા.

કોઈ કહે કે 'ઉત્પાદ-વ્યય તો પર્યાયના જ થાય છે ને દ્રવ્ય તો ધ્રુવ જ છે, તેમાં પરિણમન ન હોય.' તો તેમ નથી. દ્રવ્ય એકાંત નિત્ય નથી પણ નિત્ય-અનિત્ય-સ્વરૂપ છે, એટલે પરિણામ બદલતાં તે પરિણામમાં વર્તતું દ્રવ્ય પણ પરિણમે છે. જો પરિણામનો ઉત્પાદ થતાં દ્રવ્ય પણ નવા પરિણામે ઊપજતું ન હોય તો તો દ્રવ્ય ભૂતકાળમાં રહી જાય એટલે કે વર્તમાન-વર્તમાનપણે તે વર્તી શકે નહિ ને તેનો અભાવ જ થાય. માટે પરિણામના ઉત્પાદ-વ્યય થતાં દ્રવ્ય પણ ઉત્પાદ-વ્યયપણે પરિણમે જ છે. દ્રવ્યના પરિણમન વગર પરિણામના ઉત્પાદ-વ્યય થાય નહિ અને દ્રવ્યની સળંગ ધ્રુવતા પણ નક્કી ન થાય. માટે દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું જ છે; 'પર્યાયમાં જ ઉત્પાદ-વ્યય છે ને દ્રવ્ય તો ધ્રુવ જ રહે છે, તેમાં ઉત્પાદ-વ્યય થતા જ નથી'—એમ નથી. પરિણામના ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં વર્તતું દ્રવ્ય પણ એક સમયમાં ત્રિલક્ષણવાળું છે.

અહો, સ્વ કે પર દરેક દ્રવ્યના પરિણામ પોતપોતાના કાળે થાય છે, પરદ્રવ્યના

પરિણામ તે દ્રવ્યના ઉત્પાદ-વ્યય-ધ્રુવથી થાય છે, ને મારા પરિણામ મારા દ્રવ્યમાંથી ક્રમસર થાય છે—આમ નક્કી કરતાં પરદ્રવ્ય ઉપરથી દૃષ્ટિ ખસીને સ્વ તરફ વળ્યો. હવે સ્વમાં પણ પર્યાય ઉપરથી દૃષ્ટિ ખસી ગઈ કેમકે તે પર્યાયમાંથી પર્યાય પ્રગટતી નથી પણ દ્રવ્યમાંથી પર્યાય પ્રગટે છે, એટલે દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગઈ. એને ત્રિકાળી સત્‌ની પ્રતીતિ થઈ. ત્રિકાળી સત્‌ની આવી પ્રતીતિ થતાં દ્રવ્ય પોતાના પરિણામમાં સ્વભાવની ધારાએ વહેતું ને વિભાવધારાનો નાશ કરતું પરિણમે છે. માટે દ્રવ્યને ત્રિલક્ષણ અનુમોદવું.

પહેલાં પરિણામના ઉત્પાદ-વ્યય-ધ્રુવની વાત કરી હતી, અને અહીં દ્રવ્યનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવની વાત કરી.

દ્રવ્યની સત્તા એટલે કે દ્રવ્યનું હોવાપણું ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું છે. એકલા ઉત્પાદરૂપે, વ્યયરૂપે કે ધ્રુવરૂપે દ્રવ્યની સત્તા નથી પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવ એવા ત્રણ લક્ષણવાળી જ દ્રવ્યની સત્તા છે. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એવી ત્રણ જુદી જુદી સત્તા નથી, પણ તે ત્રણે થઈને એક જ સત્તા છે.

પહેલાં તો જે પરિણામ ઊપજ્યા તે પોતાની અપેક્ષાએ ઉત્પાદરૂપ, પૂર્વની અપેક્ષાએ વ્યયરૂપ અને સળંગ પ્રવાહની અપેક્ષાએ ધ્રુવરૂપ—એમ પરિણામની વાત લીધી હતી અને અહીં તો હવે છેલ્લો સરવાળો કરીને દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ ઉતારતાં એમ કહ્યું કે દ્રવ્યમાં પછી પછીના પરિણામ પ્રગટ થાય છે તેથી દ્રવ્યનો ઉત્પાદ છે, પહેલાં પહેલાંના પરિણામ ઊપજતા નથી તેથી દ્રવ્ય જ વ્યયરૂપ છે, અને સર્વ પરિણામમાં સળંગપણે વર્તતું હોવાથી દ્રવ્ય જ ધ્રુવ છે. એ રીતે દ્રવ્યને ત્રિલક્ષણ અનુમોદવું.

અહો ! બધાંય દ્રવ્યો પોતાના વર્તમાન પરિણામપણે ઊપજે છે, પૂર્વના પરિણામ વર્તમાનમાં નથી રહેતાં એટલે પૂર્વ પરિણામપણે વ્યય પામે છે ને સળંગપણે બધાંય પરિણામના પ્રવાહમાં દ્રવ્ય ધ્રુવપણે વર્તે છે. બસ ! ઉત્પાદ-વ્યય-ધ્રુવપણે વર્તતાં દ્રવ્યો નકોર સત્ છે. આવા નકોર સત્‌માં કાંઈ આઘુંપાછું થાય નહિ. પોતાના જ્ઞાનમાં આવા નકોર સત્‌ને સ્વીકારતા, ફેરફાર કરવાની બુદ્ધિ કે 'આમ કેમ' એવી વિસ્મયતા ટળી, તેમાં જ સમ્યક્‌શ્રદ્ધા અને વીતરાગતા આવી ગઈ. એટલે જ્ઞાયકપણું તે મોક્ષનો માર્ગ થયો.

આ 'વસ્તુવિજ્ઞાન' કહેવાય છે. પદાર્થનો જેવો સ્વભાવ છે તેવું જ તેનું જ્ઞાન કરવું તે પદાર્થવિજ્ઞાન છે. આવા પદાર્થવિજ્ઞાન વગર કદી શાંતિ થાય નહિ.

જ્યાં દરેક વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવવાળી છે એમ જાણ્યું ત્યાં વસ્તુના જુદાપણાની વાડ બંધાઈ ગઈ. મારા ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં પરનો અભાવ ને પરના ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં મારો અભાવ, મારા દ્રવ્ય-ગુણ-પર્યાયમાં હું ને પરના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં પર,—આમ નક્કી કરતા પરના દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વામિત્વ છોડીને પોતે પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયનો રખોપિયો થયો. સ્વદ્રવ્ય તરફ વળતા પોતે પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયનો રક્ષક થયો એટલે કે ધ્રુવદ્રવ્યના આશ્રયે નિર્મળપર્યાયનો ઉત્પાદ થવા માંડ્યો. તે જ ધર્મ છે. પહેલાં, પરનું હું ફેરવું—એમ માનતો ત્યારે પરાશ્રયબુદ્ધિથી વિકારભાવોની જ ઉત્પત્તિ થતી હતી ને પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયની રક્ષા કરતો ન હતો તેથી તે અધર્મ હતો.

આચાર્યભગવાને આ ગાથામાં સતને ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત બતાવીને અદ્‌ભુત વાત કરી છે. વર્તમાન સમયના પરિણામની આ વાત છે, કેમકે આખું દ્રવ્ય વર્તમાન પરિણામમાં સાથે વર્તી રહ્યું છે. દ્રવ્યમાં સ્વકાળે સદાય વર્તમાન પરિણામ થાય છે, જ્યારે જુઓ ત્યારે દ્રવ્ય પોતાના વર્તમાન પરિણામમાં જ વર્તી રહ્યું છે. એવા વર્તમાન વર્તતા દ્રવ્યની પ્રતીત તે વીતરાગતાનું મૂળ છે.

'પરિણામનો સ્વ-અવસર' કહ્યો ત્યાં પરિણામનું જે વર્તવાપણું તે જ તેનો અવસર છે, અવસર અને પરિણામ—એમ બે જુદી ચીજ નથી. જેનો જે અવસર છે તે વખતે તે પરિણામ વર્તે છે, તે પરિણામમાં વર્તતું દ્રવ્ય ઉત્પાદરૂપ છે. તેની પહેલાંના પરિણામમાં દ્રવ્ય વર્તતું નથી તેથી તે વ્યયરૂપ છે અને બધેય સળંગપણાની અપેક્ષાએ દ્રવ્ય ધ્રુવ છે. એ રીતે દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે.

જીવ અને અજીવ બધાં દ્રવ્યો અને તેના અનાદિઅનંત પરિણામો સત્ છે, તે સત્ સ્વયંસિદ્ધ છે, તે સત્નો કોઈ બીજો રચનાર કે પરિણમાવનાર નથી. જેમ કોઈ દ્રવ્ય પોતાનું સ્વરૂપ છોડીને આડુંઅવળું ન થાય તેમ દ્રવ્યના કોઈ પરિણામ પણ આડાઅવળા ન થાય. દ્રવ્યમાં પોતાના કાળે દરેક પરિણામ ઊપજે છે, પૂર્વના પરિણામ નથી ઊપજતા અને દ્રવ્ય સળંગ ધારાએ રહ્યા કરે છે.—આવા ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વભાવવાળા દ્રવ્યને જાણવાથી, પોતાના જ્ઞાયકસ્વભાવની પ્રતીત થાય છે ને તે જ્ઞાયકસ્વભાવની સન્મુખતાથી ભગવાન આત્મા સ્વભાવધારાએ વહે છે, વિભાવધારાથી વ્યય પામે છે ને તે પ્રવાહમાં પોતે સળંગપણે ધ્રુવ રહે છે. એ રીતે વીતરાગતા થઈને કેવળજ્ઞાન અને મુક્તિ થાય છે.

# ✿ પૂજવાયોગ્ય દેવ : ભગવાન આત્મા ✿

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૭૭ ગતાંકથી ચાલુ )

આ શ્રી પરમાત્મપ્રકાશ છે; તેમાં પ્રથમ અધિકારની આ ૧૨૩મી ગાથા થઈ. હવે તેનાં બીજા ભાવમાં મુનિરાજ શું કહે છે!

मणु मिलियउ परमेसरहँ परमेसरु वि मणस्स ।
बीहि वि समरसि हूवाहँ पुज्ज चडावउँ कस्स ॥ १२३-२ ॥

આ રીતે એકત્રીસ દોહા-સૂત્રોનો ચૂલિકા-સ્થલ કહ્યો. ચૂલિકા એટલે અંત. આમ પ્રથમ સ્થળનો અંત અહીં સુધી થયો. આગળ સ્થળની સંખ્યા સિવાય એ પ્રક્ષેપક દોહા કહે છે.

જો વિકલ્પરૂપ મન ભગવાન આત્મારામ સાથે મળી ગયું—તન્મય થઈ ગયું અને પરમેશ્વર મનમાં ભળી ગયા તો બંનેનું સમરસ મિલન થતાં હવે હું કોની પૂજા કરું! અર્થાત્ નિશ્ચયનયથી કોઈને પૂજવાનું કે સામગ્રી ચડાવવાનું રહેતું નથી.

શુભરાગરૂપ મન જ્યાં ભગવાન આત્મા તરફ ઢળે છે ત્યાં વિકલ્પ મરી જાય છે તેને મન આત્મામાં ભળી ગયું એમ કહેવાય છે. આત્મા જેવો નિર્વિકલ્પ છે તેવું મન પણ નિર્વિકલ્પ થઈ ગયું એટલે જ્ઞાન એકાકાર થઈ ગયું. મનનો વિષય પર હતો તેના બદલે સ્વ વિષય થઈ જતાં મન નિર્વિકલ્પ થઈને આત્મામાં એકાકાર થઈ ગયું. મન મળી ગયું ભગવાનમાં, અને ભગવાન મળી ગયા મનમાં ત્યાં રાગ છૂટી ગયો, પર્યાય નિર્મળ થઈ ગઈ અને અંતરમાં ભળી ગઈ. આ સાચી પૂજા છે કે પર્યાયે ભગવાનને પૂજ્યા ત્યાં પોતે જ ભગવાન થઈ ગઈ. બહારની પૂજા તો શુભભાવ છે તેનાથી પરમ આરાધ્ય એવા આત્મદેવની પૂજા થતી નથી. પૂજાનો વિકલ્પ છૂટીને નિર્વિકલ્પ થઈને પરમાત્મામાં ભળી ગયો, હવે પૂજાનું કાંઈ પ્રયોજન ન રહ્યું. યોગ્યસેવવા ભગવાન અને સેવક એવી પર્યાય એ બંને એક થઈ ગયા. સેવ્ય-સેવક બંને ભળી ગયા.

પૂજા કરનાર નિર્મળપર્યાય જ જ્યાં પૂજવાયોગ્ય આત્મદેવમાં ભળી ગઈ પછી કોણ કોની પૂજા કરે! વ્યવહારમાં જ્યાં સુધી વિકલ્પ હતો ત્યાં સુધી પૂજા અને

સામગ્રી ચડાવવાનો વ્યવહાર હતો પણ જ્યાં શ્રદ્ધા-જ્ઞાન જ્ઞાનની પરિણતિમાં એકાગ્ર થયો ત્યાં પૂજવાયોગ્ય અને પૂજનાર બંને એક થઈ ગયા. આ જ ખરી નિશ્ચયપૂજા છે. જ્યારે સ્વરૂપમાં ઠરી ન શકે ત્યારે અશુભથી બચવા શુભભાવમાં ભક્તિ, પૂજા આદિનો વ્યવહાર છે ખરો, પણ એ વ્યવહારથી ધર્મ થાય છે કે નિર્જરા થાય છે કે વ્યવહાર છે માટે ધર્મ થશે—એમ નથી.

લોકો પૂછતા હતા કે નિશ્ચય પ્રગટ કરવાનું સાધન શું ? ભક્તિ, પૂજા આદિ વ્યવહાર જ સાધન છે ને ! એમ લોકોને થાય. પણ ભાઈ ! એ બધું તો નિમિત્તમાત્ર છે, અંતરસાધન તે નથી.

શ્રોતા:—વ્યવહાર ભલો તો ખરો ને !

પૂજ્ય ગુરુદેવશ્રી:—પાપના નિષેધની અપેક્ષાએ વ્યવહાર ભલો છે પણ ધર્મની દૃષ્ટિએ તે ભલો નથી. પાપથી બચવાની અપેક્ષાએ પુણ્યભાવ ભલો છે પણ બંધ તરીકે તો એ પણ બંધનું જ કારણ છે. એ કાંઈ અબંધપરિણામ નથી. વ્યવહાર છે ખરો પણ એ નિશ્ચયને મદદ કરે છે એમ નથી. નિમિત્તરૂપ છે એટલે કે તેની હાજરી છે. વ્યવહાર નથી એમ નથી. વ્યવહારનયથી વ્યવહાર નિશ્ચયનો સાધક છે એમ પણ કહેવાય પણ નિશ્ચયથી તે સાધક નથી. માટે વ્યવહારનો તદ્દન નિષેધ પણ ન હોય અને વ્યવહારમાં ધર્મબુદ્ધિ પણ ન હોય. જેની જેટલી મર્યાદા હોય તે પ્રમાણે રખાય. મર્યાદાથી વધારે માનવા જાય તો તે પરમાર્થ પણ ન રહે અને વ્યવહાર પણ ન રહે.

અહીં તો ભગવાન આત્મા જ પૂજવા યોગ્ય દેવ છે. તેને શુદ્ધપરિણતિ દ્વારા પૂજવા જતાં પર્યાય અને દ્રવ્ય બંને અભેદ થઈ જાય છે.

ભાવાર્થ:—જ્યાં સુધી ભગવાનમાં મળ્યો ન હતો ત્યાં સુધી ભગવાનની પૂજા કરતો હતો, જ્યારે મન પ્રભુમાં મળી ગયું ત્યારે પૂજાનું કાંઈ પ્રયોજન ન રહ્યું. દૃષ્ટિ અને જ્ઞાન તો સ્વરૂપના જ હોય પણ જ્યાં સુધી સ્વરૂપમાં સ્થિરતા ન હોય ત્યાંસુધી જ્ઞાનીને પૂજા આદિના ભાવ આવે છે પણ જ્યાં મન આત્મસ્વરૂપમાં ઢળી ગયું ત્યાં પૂજાનો વિકલ્પ છૂટી જાય છે. સ્થિર થઈ શકતો ન હતો ત્યાં સુધી પૂજાનો ભાવ હતો પણ પરિણતિ જ્યાં સ્વરૂપમાં સ્થિર થઈ ગઈ ત્યાં પૂજાનું કાંઈ પ્રયોજન રહેતું નથી.

જોકે વ્યવહારનયથી ગૃહસ્થ-અવસ્થામાં વિષય-કષાયરૂપ ખોટા ધ્યાનને રોકવા માટે અને ધર્મની વૃદ્ધિ માટે પૂજા, અભિષેક, દાનાદિનો વ્યવહાર છે. વિષય-કષયાદિના વિશેષ પાપભાવ ન હોય એ માટે શુભભાવમાં ભગવાનની પૂજા, ભગવાનનો અભિષેક, મુનિના આહારદાનાદિનો ભાવ ધર્માત્માને હોય છે. પણ વીતરાગનિર્વિકલ્પ-સમાધિમાં

લીન થયેલા યોગીશ્વરોને તો તે સમયે બાહ્ય વ્યાપારનો અભાવ હોવાથી સ્વયં જ દ્રવ્યપૂજાનો પ્રસંગ આવતો નથી અને ભાવ-પૂજામાં તો તેઓ તન્મય હોય છે. ભગવાનની, દ્રવ્ય લઈને પૂજા કરવી તે દ્રવ્યપૂજા છે અને અંતરમાં આત્મામાં સ્થિર થવું તે ભાવપૂજા છે.

શુભરાગ હોય ત્યાં સુધી ભક્તિ, પૂજા આદિનો રાગ હોય છે પણ મુનિઓને જ્યાં બહારમાં ઉપયોગનો વ્યાપાર જ અટકી જાય છે ત્યારે પૂજા-ભક્તિ આદિનો રાગ જ ઉઠતો નથી. મુનિ ભાવપૂજામાં તન્મય થઈ જાય છે. આ જ કથનને છેલ્લા શ્લોકમાં પણ દૃઢ કરે છે.

આ પ્રથમ અધિકારનો છેલ્લો શ્લોક છે.

> जेण णिरंजणि मणु धरिउ विसय-कसायहँ जंतु ।
> मोक्खहँ कारणु एत्तडउ अण्णु ण तंतु ण मंतु ॥ १२३-३ ॥

જે જીવે વિષય-કષાય તરફ જતાં મનને કર્મરૂપી અંજનથી રહિત ભગવાન આત્મામાં ધરી રાખ્યું તે જીવે મોક્ષના કારણને સાધ્યું છે. કારણ કે એ સિવાય મોક્ષ માટે કોઈ અન્ય મંત્ર કે તંત્ર નથી. તંત્ર એટલે શાસ્ત્ર અથવા ઔષધ અને મંત્ર એટલે મંત્રાક્ષરો કોઈ એવા નથી કે જેના વડે મોક્ષ પ્રાપ્ત થાય. વિષય-કષાયાદિ પરપદાર્થોથી મનને રોકીને પરમાત્મામાં મનને લગાવવું તે જ એક મોક્ષનું કારણ છે.

આગળ પરમાત્મપ્રકાશના બીજા અધિકારમાં મોક્ષ અને મોક્ષનું ફળ અને કારણ બતાવવાના છે એટલે અહીં માત્ર કારણ બતાવી દીધું. ભગવાનની પૂજા, ભક્તિ આદિ વ્યવહાર હોય છે પણ તે ખરેખર મોક્ષનું કારણ નથી જીવ મુક્તસ્વભાવી છે તે સ્વભાવનું સાધન સ્વભાવ જ છે, અન્ય કોઈ સાધન નથી એ બધું આગળ આવશે.

જેણે પુણ્ય-પાપના વિકલ્પને છોડી, મળ અને અંજનથી રહિત શુદ્ધસ્વરૂપમાં મનને એકાગ્ર કર્યું છે તેની શુદ્ધપરિણતિ જ તેને મોક્ષનું એકમાત્ર કારણ છે. જેમ ઔષધ લેવાથી શરીરનો રોગ મટે છે તેમ આત્માના ભવરૂપી રોગને મટાડવા માટે કોઈ એવું ઔષધ નથી કે રોગથી મુક્તિ આપે. એવી કોઈ જડીબુટ્ટી નથી કે જેનાથી મોક્ષ થાય. અરે ! એવું કોઈ શાસ્ત્ર નથી કે જેને ભણવાથી મોક્ષ થઈ જાય. એવી કોઈ દવા નથી કે જે ખાવાથી રાગ ટળીને મુક્તિ થઈ જાય. કોઈ એવો મંત્ર નથી કે જેનો જાપ કરવાથી મુક્તિ થાય. ઓમ...ઓમ...કરવાથી કે નવકારમંત્રના જાપથી પણ મુક્તિ થાય તેમ નથી. કારણ કે પાંચ પદનો જાપ એ પણ શુભરાગ છે. શુભરાગથી

[ અનુસંધાન માટે જુઓ પાનું ૧૬ ]

# ▣ વૈરાગ્યજનની : બાર ભાવના ▣

[ શ્રી સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આ તપશ્ચર્યાનો અધિકાર છે, તેમાં સ્વાધ્યાયતપની વાત ચાલે છે. આત્મા જ્ઞાયકમૂર્તિ છે, એના નિર્ણયપૂર્વક લીનતા થતાં નિશ્ચય-સ્વાધ્યાય થાય છે તે વખતે વ્યવહાર-સ્વાધ્યાય હોય છે તેના પાંચ પ્રકાર છે.

વાંચના, પ્રચ્છના, અનુપ્રેક્ષા, અમ્નાય અને ધર્મોપદેશ—એ પ્રમાણે પાંચ પ્રકારનો વ્યવહાર-સ્વાધ્યાય છે. અને તે વ્યવહાર પણ નિશ્ચયના માટે હોય તો તે વ્યવહાર સાચો છે બાકી તો નિશ્ચય વિનાનો વ્યવહાર થોથું છે.

આગળ વાત આવી ગઈ છે કે પોતાનું અભિમાન પોષવા ખાતર ખોટાં શાસ્ત્રોનું વાંચન, સ્વાધ્યાય કરે તો તે ઝેરરૂપ પરિણમે છે. અહીં તો ભગવાન સર્વજ્ઞદેવના કહેલાં શાસ્ત્રો છે એની વાંચણી લેવી દેવી તેને વ્યવહાર-સ્વાધ્યાય કહ્યો છે. કુદેવાદિનાં શાસ્ત્રોની વાંચણી તે તો વ્યવહાર પણ નથી, એકલું મિથ્યાત્વનું પોષણ છે. જે કુળમાં જન્મ્યો હોય એના શાસ્ત્રો વાંચવા એ કાંઈ વ્યવહાર નથી.

જુઓ, જેમ વેપારી પોતાના ધંધા માટે બધાં પડખાંથી પ્રથમ નક્કી કરે છે. જેને રૂપિયા આપવા હોય તે આસામી કેવો છે? વ્યાજ સહિત તે રૂપિયા પાછા આવશે કે નહિ? અને જે નોકરહસ્થુ કામ કરાવવાનું હોય તે નોકર ખાનદાન છે કે નહિ? તે બધું પ્રથમ નક્કી કરે છે. તેમ સ્વાધ્યાય કરવાવાળાએ પ્રથમ આ શાસ્ત્રો સર્વજ્ઞ વીતરાગના કહેલાં છે કે નહિ? એમ પ્રથમ નક્કી કરવું જોઈએ. પછી આત્માને સમજવા માટે એવા શાસ્ત્રોનો સ્વાધ્યાય કરવો, વાંચણી કરવી, પ્રશ્ન કરવા, ધારણા કરવી, વારંવાર પરિચય કરવી અને એનો ઉપદેશ આપવો તે વ્યવહાર-સ્વાધ્યાય છે.

નિયમસાર ગાથા ૮મીમાં શ્રી કુંદકુંદાચાર્યદેવ કહે છે કે:—

સર્વજ્ઞ પરમાત્માના મુખમાંથી નીકળેલી વાણી જે પૂર્વાપર દોષરહિત અને શુદ્ધ છે તેને આગમ કહે છે, અને તેમણે જે તત્ત્વાર્થો કહ્યા છે, તેનો અભ્યાસ કરવો. મોક્ષમાર્ગપ્રકાશકમાં પંડિતવર્ય શ્રી ટોડરમલજીએ પણ કહ્યું છે કે—પૂર્વાપર વિરોધ રહિત જે શાસ્ત્રો હોય તે વાંચવાં, કુદેવાદિના કહેલા ખોટાં શાસ્ત્રો વાંચવાથી આત્મામાં તે ઝેરરૂપે પરિણમે છે, જ્ઞાની ધર્માત્મા અથવા મુનિ કે જેમની દૃષ્ટિ ખુલી ગઈ છે, જેમને આત્માનો યથાર્થ અનુભવ થયો છે એવા કદાચ અન્યમતિના શાસ્ત્રો કઈ રીતે

ખોટું સિદ્ધ કરે છે એ જાણવા માટે વાંચે તો તેમાં દોષ નથી પણ તેનાથી લાભ થશે એવી બુદ્ધિથી વાંચે તો મિથ્યાત્વ દૃઢ થાય છે તેથી તે વ્યવહાર પણ નથી.

અજ્ઞાની પોતાનું માન પોષવા માટે પૂર્વાપર વિરોધ જેમાં છે એવા શાસ્ત્રો વાંચીને અમારામાં પણ આત્માની વાત છે અને તમારા જેવી બધી વાત એમાં આવે છે એમ કહીને લોકોને ભ્રમણામાં નાખે છે. તેને સાચાં-ખોટાં શાસ્ત્રોનો ભેદ પાડવાનો અવકાશ રહેતો નથી. પણ જે જીવ જેના નિમિત્તે આ વાત મળી હોય તેની પ્રશંસા કરે અને જ્યાંથી આ વાત નીકળી હોય તેને કબૂલે અને કહે કે આપણા શાસ્ત્રોમાં આ વાત ન હતી, આ વાત તો અપૂર્વ છે એમ સજ્જનતાપૂર્વક શાસ્ત્રો વાંચે તો વ્યવહાર સ્વાધ્યાય કહેવાય. જે શાસ્ત્રોમાં વ્યવહારથી નિશ્ચય પ્રગટે એમ કહ્યું હોય એ શાસ્ત્રોમાં નિશ્ચયની સ્વતંત્ર વાત હોય શકે નહિ. જેમાં પૂર્વાપર વિરોધવાળી વાત હોય તેમાં અવિરોધ વાત હોય નહિ.

વળી અત્યારે તો યથાર્થ સ્વરૂપ સમજ્યા વગર પણ ઘણા આત્માની વાતો કરતા થઈ ગયા છે. દયા, દાન, ભક્તિ આદિ શુભભાવ છે તેને પાપ મનાવે છે. જેને પુણ્ય-પાપનો પણ વિવેક નથી તે પણ કહે છે કે અમારા સાધુઓ અધ્યાત્મના સાધક છે. પૂર્વાપર વિરોધ માન્યતા છે તેમાં આ વાત આવી ક્યાંથી? જેને શુભભાવની પણ ખબર નથી તેને તે બંનેથી રહિત શુદ્ધ આત્માની વાત હોય નહિ. જેને વીતરાગની ભાવના હોય છે તે અશુભભાવ છોડીને શુભમાં જોડાય છે પણ નિશ્ચયથી શુભાશુભ બંને ભાવોને બંધસ્વરૂપ જાણે છે માટે પ્રથમ પુણ્ય-પાપનો વિવેક આવવો જોઈએ. જો સમ્યગ્દૃષ્ટિ જીવને શુભભાવ ન હોય તો મરીને સ્વર્ગે કેમ જાય? પાપભાવ છોડીને પુણ્ય ભાવ જ્ઞાનીને પણ હોય છે અને તેવો ધર્માનુરાગ હોય ત્યારે જિનમંદિર આદિ બનાવવાનો તથા દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ-પૂજાનો ભાવ જરૂર હોય છે. માટે જેમ છે તેમ જે પ્રથમ સમજે તેને વ્યવહાર-સ્વાધ્યાય હોય છે.

આગળ વ્યુત્સર્ગ તપ કહે છે—

जल्लमललित्तगत्तो दुस्सहवाहीसु णिप्पडीयारो ।<br>
मुहधोवणादिविरओ भोयणसेज्जादिणिरवेक्खो ॥ ४६७ ॥

ससरुवचिंतणरओ दुज्जणसुयणाण जो हु मज्झत्थो ।<br>
देहे वि णिम्ममत्तो काओसग्गो तवो तस्स ॥ ४६८ ॥

અર્થ.—જે મુનિ પરસેવો તથા મળથી લિપ્ત શરીરયુક્ત હોય, સહન ન થઈ શકે એવો તીવ્ર રોગ થવા છતાં પણ તેનો ઈલાજ કરે નહિ, ચિદાનંદ મારો સ્વભાવ

છે એનો આશ્રય જેને વર્તે છે તેને શરીરનો આશ્રય હોતો નથી તેથી શરીરમાં રોગ આવે તો તેની દવા કરાવતા નથી, આત્માની સુરતા માંડી છે તેને શરીરની સુરતા છૂટી ગઈ છે.

મુનિ મોઢું ધોતા નથી, તેઓ શરીરનો સંસ્કાર ન કરે, ભોજન શય્યાદિની વાંચ્છા ન કરે, સૂવાનું ઠેકાણું સારું હોય તો ઠીક એવી ઇચ્છા મુનિને હોતી નથી, આવી સંત મુનિની દશા હોય છે તેને બદલે અત્યારે તો મુનિના અને કેવળીના સ્વરૂપને ઘણા પ્રકારથી વિકૃત કરી નાખ્યું છે. અજ્ઞાનીઓએ કેવળીના નામે શાસ્ત્રો લખ્યાં છે. તેમાં કેવળીને સમુદ્‌ઘાત થયા પછી મોક્ષમાં જવું છે તે પહેલાં પાટ પાટલાં ગૃહસ્થને પાછા સોંપી દે છે એવો મૂળ પાઠ છે. તેમણે કેવળીને રાગી જીવો જેવા કલ્પ્યા છે. અહીં તો કહે છે કે મુનિને પણ પાટ પાટલા હોતા નથી તો કેવળીને તે હોય એમ બને જ નહિ. ભગવાનનું નામ આપીને ઘણું ન્યાય વિરુદ્ધ કહ્યું છે. સનાતન માર્ગ તો એક નગ્ન દિગંબર મુનિનો છે. એ સિવાય બીજો સત્યમાર્ગ છે જ નહિ.

જુઓ, આ વાત આટલી બધી સ્પષ્ટ આવી છે તેનું કારણ એ છે કે ઘણા જિજ્ઞાસુ જીવો આ વાતને બરાબર સમજીને ગ્રહવા તૈયાર થઈ ગયા છે. હવે ખોટું નભી શકે તેમ નથી. મુનિને શરીર ઉપર પણ મમતા નથી તો પછી બહારના શત્રુ કે મિત્ર ઉપર રાગ-દ્વેષ થાય એમ હોતું જ નથી.

ઘણું શું કહીએ? દેહમાં પણ મમત્વ રહિત હોય તેને કાયોત્સર્ગતપ હોય છે. મુનિ કાયોત્સર્ગ કરે ત્યારે એમને બાહ્ય અને અભ્યંતર બંને પ્રકારનો પરિગ્રહ છૂટી ગયો હોય છે અને માત્ર પોતાના જ્ઞાનાનંદ ચૈતન્યસ્વરૂપ આત્મામાં સુરતા માંડે છે, રાગ-દ્વેષ રહિત થઈ શુદ્ધ ઉપયોગમાં તલ્લીન થાય છે. તે વખતે ભલે અનેક પ્રકારના ઉપસર્ગ આવે તથા કોઈ શરીરને કાપી જાય, રોગ આવે છતાં તેઓ સ્વરૂપથી ચલિત થતા નથી, કોઈ શરીર ઉપર ચંદન ચોપડે તો રાગ થતો નથી અને કોઈ શરીરને ઉપસર્ગ આપે તો તેના પ્રત્યે મુનિને દ્વેષ થતો નથી. એ રીતે કોઈથી રાગ-દ્વેષ ઉપજાવતા નથી તેને કાયોત્સર્ગતપ હોય છે.

जो देहपालणपरो उवयरणादीविसेससंसत्तो ।
बाहिरववहाररओ काओसग्गो कुदो तस्स ॥ ४६९ ॥

અર્થ:—જે મુનિ દેહ પાલનમાં તત્પર હોય, ઉપકરણાદિમાં વિશેષ આસક્ત હોય, લોકરંજન કરવા માટે બાહ્ય વ્યવહારમાં લીન હોય—તત્પર હોય તેને કાયોત્સર્ગ

તપ ક્યાંથી હોય ? એટલે કે જેને આત્મા તરફ લીનતા નથી પણ પરમાં તત્પરતા છે તેને કાયોત્સર્ગ તપ હોતો નથી.

ભાવાર્થ:—જે મુનિ "લોકો જાણે કે આ મુનિ છે" એમ વિચારી બાહ્ય વ્યવહાર પૂજા-પ્રતિષ્ઠાદિ તથા ઇર્યા સમિતિ આદિ ક્રિયામાં તત્પર રહે, આહારાદિ વડે દેહ પાલન કરવો, ઉપકરણાદિની વિશેષ સંભાળ રાખવી તથા શિષ્યજનાદિથી ઘણી મમતા રાખી પ્રસન્ન થવું ઇત્યાદિમાં લીન રહે પણ જેને પોતાના આત્મસ્વરૂપનો યથાર્થ અનુભવ નથી તથા તેમાં કદી પણ તલ્લીન થતો જ નથી અને કાયોત્સર્ગ પણ કરે તો ઊભા રહેવું આદિ બાહ્ય વિધાન પણ કરી લે છતાં તેને કાયોત્સર્ગ તપ કહેતા નથી, કારણ કે નિશ્ચય વિનાનો બાહ્ય વ્યવહાર નિરર્થક છે.

આગળ ધ્યાન નામના તપનું વિસ્તારથી વર્ણન કરે છે.

अन्तोमुहुत्तमेत्तं लीणं वत्थुम्मि माणसं णाणं ।
झाणं भण्णादि समए असुहं च सुहं च तं दुविहं ॥ ६७० ॥

અર્થ:—મનસંબંધી જ્ઞાન વસ્તુમાં અંતર્મુહૂર્તમાત્ર લીન થવું-એકાગ્ર થવું, તેને સિદ્ધાંતમાં ધ્યાન કહ્યું છે અને તે શુભ તથા અશુભ એવા બે પ્રકારથી છે.

જુઓ, અહીં મનને જ્ઞાનવસ્તુમાં જોડી દેવું તેને ધ્યાન કહેલ છે. જ્ઞાન વસ્તુ કહેતા તેમાં બીજા પણ ગુણો છે એમ ગૌણપણે આવી જાય છે. તેમાં રમણતા કરવી તે ખરેખર ધ્યાન છે. પણ જ્ઞાનસ્વરૂપી આત્માને જાણ્યો જ ન હોય તો એકાગ્રતારૂપી ધ્યાન ક્યાંથી થાય ? ન થાય. જેમ પૈસાની રુચિવાળાને પૈસા કમાવાના વિચારમાં એકાગ્રતા શીખવવી પડતી નથી. કલાકોના કલાકો સુધી તેમાં તે એકાગ્ર થઈ જાય છે. એ અશુભ ધ્યાન છે. જેની જેને રુચિ તેની તેને પરંપરા ચાલ્યા કરે છે તેમ આત્માની રુચિવાળાને આત્માના વિચારોની પરંપરા ચાલ્યા કરે છે. તે ધ્યાન છે. વળી વિષ્ટાની ગોળીઓ કીડો ફેરવ્યા કરે છે કેમકે તેમાં તેને પ્રેમ છે. એવી રીતે સંસારની રુચિવાળા સંસારના વિચારો ફેરવ્યા કરે છે એ પણ એક ભાડું ધ્યાન છે.

ભાવાર્થ:—પરમાર્થથી જ્ઞાનનો ઉપયોગ એ જ છે અર્થાત્ જ્ઞાનનો ઉપયોગ એક જ્ઞેય વસ્તુમાં અંતર્મુહૂર્તમાત્ર એકાગ્ર—સ્થિર થાય તે ધ્યાન છે અને તે શુભ તથા અશુભ એવા બે પ્રકારથી છે. જ્યારે આત્મામાં એકાગ્ર થાય છે ત્યારે વ્યવહારે દેવાદિની શ્રદ્ધા, ભક્તિ આદિનો વિકલ્પ છે તેને શુભભાવરૂપી ધ્યાન કહેવાય છે પણ ખરેખર જ્ઞાનનો ઉપયોગ એ જ ધ્યાન છે.

આગળ શુભ-અશુભ ધ્યાનના નામ તથા સ્વરૂપ કહે છેઃ—

असुहं अट्ट रउद्दं धम्मं सुक्कं च सुहयरं होदि ।
अट्ट तिव्वकसायं तिव्वतमकसायदो रुद्दं ॥ ४७१ ॥

અર્થઃ—આર્ત્ત અને રૌદ્ર એ બન્ને તો અશુભધ્યાન છે. સંસારની વિચારણા, ખાવા, પીવા, રળવા વગેરેના ભાવો થાય છે તે આર્ત્ત અને રૌદ્ર ધ્યાન છે તથા ધર્મધ્યાન અને શુકલધ્યાન એ બન્ને શુભ અને શુભતર છે. તેમાં પ્રથમનું આર્ત્તધ્યાન તો તીવ્ર કષાયથી થાય છે તથા રૌદ્ર ધ્યાન અતિ તીવ્ર કષાયથી થાય છે. હિંસા આદિના ભાવોમાં આનંદ માનવો તે અતિ તીવ્ર કષાય હોવાથી રૌદ્રધ્યાન છે. મુનિને રૌદ્રધ્યાન હોતું નથી. પાંચમા ગુણસ્થાન સુધી રૌદ્રધ્યાન હોય છે પણ તે મિથ્યાદર્શન પૂર્વક હોતું નથી. [ ક્રમશઃ ]

---

[ પૂજવાયોગ્ય દેવ...પાનું ૧૧થી ચાલુ ]

મુક્તિ થતી નથી. પર તરફ જતાં મનને ત્યાંથી રોકીને પરમાનંદસ્વરૂપ નિજ આત્મદેવમાં લગાવી દેવું એટલે કે શુદ્ધપરિણતિ થવી તે જ મુક્તિનું કારણ છે.

ભાવાર્થઃ—જે કોઈ નિકટ સંસારીજીવ શુદ્ધાત્મતત્ત્વની ભાવનાથી ઉલટાં વિષય-કષાયમાં જતાં મનને વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનના બળથી પાછું હટાવીને નિજ શુદ્ધાત્મદ્રવ્યમાં સ્થાપન કરે છે તે જ મોક્ષને પામે છે બીજા કોઈ મંત્ર, તંત્રાદિમાં ચતુર પુરુષો હોય તોપણ મોક્ષને પામતાં નથી. ભગવાન આત્મામાં જે ચતુર છે એવા પુરુષ જેનો સંસારનો અંત નજીક આવી ગયો છે એવા નિકટ ભવ્ય જીવો જ પોતાના શુદ્ધાત્મદ્રવ્યની શ્રદ્ધા, જ્ઞાન અને તેમાં લીનતા વડે મુક્તિ પ્રાપ્ત કરે છે.

આ રીતે પરમાત્મપ્રકાશશાસ્ત્રનો પ્રથમ અધિકાર અહીં પૂરો થયો. હવે મોક્ષ અને મોક્ષનો ઉપાય આદિ બતાવતો બીજો અધિકાર શરૂ થશે. [ ક્રમશઃ ]

---

# જીવ અબદ્ધ-સ્વરૂપમાં ન ગયો તેથી બંધાણો છે

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન-પ૬ )

શ્રી નાટક સમયસાર શાસ્ત્રનો આ પુણ્ય-પાપ એકત્વ અધિકાર છે. તેના ૭મા કળશ ઉપર ૧૦મા પદમા બનારસીદાસજી કહે છે કે 'મોક્ષની પ્રાપ્તિ અંતરદૃષ્ટિથી છે.'

अंतर-दृष्टि लखाउ, निज सरूपकौ आचरन ।
ए परमातम भाउ, सिव कारन येई सदा ॥१०॥

અર્થ:— અંતરંગ જ્ઞાનદૃષ્ટિ અને આત્મસ્વરૂપમાં સ્થિરતા એ પરમાત્માનો સ્વભાવ છે અને એ જ મોક્ષનો ઉપાય છે.

શુદ્ધ આનંદઘનની દૃષ્ટિ અને તેનું લક્ષ કરવું તે મોક્ષનો ઉપાય છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ તો શુભરાગ છે તે ધર્મનું કારણ થતાં નથી. નિજ સ્વરૂપમાં ઠરવું તે ચારિત્ર છે. અંતરની દૃષ્ટિ, અંતરનું જ્ઞાન અને અંતરમાં સ્થિરતા તે પરમેશ્વર થવાનો ઉપાય છે.

પુણ્ય-પાપ ભાવ થાય છે તે જીવનો અંતરસ્વભાવ નથી. એ તો પુદ્‌ગલસ્વભાવ છે—પુદ્‌ગલની સાથે સંબંધવાળા ભાવ છે. ખરેખર ચૈતન્યની જાતના એ ભાવ નથી. તત્ત્વની વાત સાંભળવી, વાંચવી કે કહેવી એ પણ વિકલ્પ છે, ચૈતન્યનું સ્વરૂપ નથી. ચૈતન્યના સ્વભાવમાં પુણ્ય-પાપના વિકલ્પની ગંધ પણ નથી. એવા આત્મસ્વભાવની અંતરદૃષ્ટિ-જ્ઞાન અને રમણતા તે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે.

આત્મા સત્, શાશ્વત, જ્ઞાન અને આનંદાદિ ગુણનો પિંડ છે. એવા નિજ પરમાત્મસ્વભાવની અંતરદૃષ્ટિ અને અંતરલક્ષ પૂર્વક અંતરમાં સ્થિરતા કરતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય તે સ્વદ્રવ્યનો સ્વભાવ છે. એટલે કે પરમેશ્વર આત્માનો સ્વભાવ છે. તેનું નામ ધર્મ છે—તે મોક્ષનું કારણ છે સ્વભાવમાંથી જે વ્યકતતા થાય તે એક દ્રવ્યનો સ્વભાવ છે. તે પૂર્ણાનંદરૂપ મુક્તિનું કારણ છે.

**ए परमातम भाउ...** પરમ સ્વરૂપી એવો પોતાનો સ્વભાવ જે સદાય છે તેની અંતરદૃષ્ટિ કરતાં, તેમાં લક્ષ કરતાં અને તેમાં સ્થિરતા કરતાં જે દશા પ્રગટ થાય તે

નિજપ્રભુનો સ્વભાવ છે. નિજ પરમેશ્વરનો આ સ્વભાવ જ મુક્તિનું કારણ છે. બાકી દયા, દાન, વ્રતાદિના વિકલ્પ આવે તે બધાં બંધના કારણ છે, મુક્તિના કારણ નથી.

ભાવાર્થ—સમ્યક્ત્વસહિત જ્ઞાન અને ચારિત્ર પરમેશ્વરનો સ્વભાવ છે અને એ જ પરમેશ્વર બનવાનો ઉપાય છે.

એકરૂપ અખંડ અભેદ નિજ સ્વભાવની દૃષ્ટિ સહિત તેનું જ્ઞાન અને ચારિત્ર પૂર્ણાનંદની પ્રાપ્તિરૂપ મોક્ષનો ઉપાય છે. ઉપવાસ કરવા, ચોવ્યાર કરવો, ગરમ પાણી પીવા એ કાંઈ ધર્મની ક્રિયા નથી, એ તો રાગની—વિકલ્પની ક્રિયા છે.

પૂર્વાગ્રહવાળાને ઘા લાગી જાય એવી આ વાત છે. ત્રિકાળી જ્ઞાયકભાવનો આશ્રય લઈને જે પ્રતીતિ થાય, અનુભવ થાય અને રમણતા થાય તેને અહીં મોક્ષનો મારગ કહેવામાં આવે છે.

હવે ૮મા કળશમાં બાહ્યદૃષ્ટિથી મોક્ષ નથી એ વાત કહે છે. તેના ઉપર બનારસીદાસજી ૧૧મા પદ્યમાં આ પ્રમાણે કહે છે કે—

करम शुभाशुभ दोइ, पुद्‌गलपिंड विभाव मल ।
इनसौं मुकति न होइ, नहिं केवल पद पाइए ॥ ११ ॥

અર્થ:—શુભ અને અશુભ એ બંને કર્મમળ છે, પુદ્‌ગલપિંડ છે, આત્માના વિકાર છે, એનાથી મોક્ષ થતો નથી અને કેવળજ્ઞાન પણ પ્રાપ્ત કરી શકાતું નથી.

નિત્ય પ્રગટ પ્રસિદ્ધ ભગવાન આત્માને ઓળખ્યા વિના, તેની અંતરદૃષ્ટિ વિના ધર્મ થાય એમ ત્રણકાળમાં બને નહિ.

ઘણા એવું માને છે કે આપણે તો ગુરુને માનો—તેની શ્રદ્ધા કરો તો મુક્તિ જરૂર થશે...તો અહીં ભગવાન કહે છે કે એમ મુક્તિ થતી નથી. સાક્ષાત્ ત્રણલોકના નાથને માનો તોપણ તે રાગ છે, વિકલ્પ છે, કર્મનો મેલ છે.

શ્રોતા:—'ભગવાનનું તો નામસ્મરણ પણ ભલું છે' એમ કહ્યું છે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી:—ભગવાનનું નામસ્મરણ પણ ક્યારે ભલું કહેવાય કે જ્યારે સ્વરૂપના લક્ષપૂર્વક ભગવાનનું સ્મરણ કરે છે ત્યારે તે સ્મરણને વ્યવહારે ભલું કહેવાય છે. પ્રવચનસારમાં પાંચ ગાથામાં ભગવાનનું સ્મરણ કર્યું. સ્વરૂપના લક્ષ સહિત પ્રમાણજ્ઞાનમાં વ્યવહાર પણ સાથે આવે છે. વ્યવહારથી વ્યવહાર ભલો છે પણ અહીં તો નિશ્ચયસ્વભાવની દૃષ્ટિમાં તે પણ કર્મમળ છે, વૃત્તિનું ઉત્થાન છે,

આત્માનો સ્વભાવ નથી માટે તે રાગને પણ પુદ્‌ગલનો અર્થાત્ કર્મનો ભાવ છે એમ કહી દીધું છે.

રાગ કર્મનો ભાવ છે એમ કહ્યું ત્યાં કર્મને લઈને રાગ થાય છે એમ ન સમજવું. રાગાદિભાવ તે કર્મનો મેલ છે. આત્માનો નિર્મળસ્વભાવ નથી એટલું જ સમજવાનું છે.

નિર્વિકલ્પ આનંદધામના સ્પર્શ અને અનુભવ વિના ગમે તેટલા ઊંચા શુભભાવ આવે...તેનાથી ધર્મ નથી. માત્ર પુણ્યબંધ થાય છે. અબદ્ધસ્વરૂપમાં ન ગયો તેથી બંધાણો.

વસ્તુની સ્થિતિ આવી છે, પચાવવું કઠણ પડે તેવું છે.

**करम शुभाशुभ दोइ, पुद्‌गलपिंड विभाव मल ।** શુભાશુભ બંને ભાવકર્મનો મેલ છે, પુદ્‌ગલનો પિંડ છે. એક તરફ ભગવાન આત્મારામ છે અને બીજી તરફ પુદ્‌ગલપિંડ છે—તે પરદ્રવ્ય છે. શુભાશુભભાવ જીવનો સ્વભાવ નથી. માટે પુદ્‌ગલપિંડ છે તે પરદ્રવ્ય છે એમ કહેવાય છે. જેને વ્યવહારે ધર્મનું સાધન કહેવાય છે તેને જ અહીં પુદ્‌ગલ કહી દીધા છે.

નિર્મળાનંદ પૂર્ણાનંદ નાથ પોતે પ્રભુ છે પણ તેની દશામાં ભૂલ છે. ભૂલ ન હોય તો તેની દશામાં આનંદ હોવો જોઈએ. તે ભૂલ ટાળવાનો ઉપાય અંતરમુખ દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા છે. રાગાદિભાવ તો આત્માનો સ્વભાવ નથી કે સ્વભાવનું સાધન નથી, કર્મનું કાર્ય છે, કર્મનો મેલ છે—વિભાવભાવ છે. માટે રાગાદિભાવ પુદ્‌ગલપિંડ છે. રાગાદિભાવોથી મુક્તિ થતી નથી કે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. પંચમહાવ્રતનો ભાવ હો કે અણુવ્રતનો હો, દયા, દાન, ભક્તિ, પૂજા, નામસ્મરણનો ભાવ હો—इनसों मुक्ति न होय ।—તેનાથી મુક્તિ થતી નથી.

શ્રોતા:—તો મુક્તિ કોનાથી થાય છે ?—

પૂજ્ય ગુરુદેવશ્રી:—'આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે'—પણ આત્મા કોને કહેવાય, ભાવના કોને કહેવાય અને કેવળજ્ઞાન કોને કહેવાય એ સમજવું જોઈએ. સમજ્યા વિના આખો દિવસ શાસ્ત્રવાંચન કરે તોપણ શું !

શુભાશુભભાવ તો આત્માના સ્વભાવથી વિપરીત હોવાથી 'વિભાવ' છે. પુણ્ય-પાપભાવ પુદ્‌ગલપિંડ છે માટે આત્માથી ભિન્ન છે. તેનાથી કેવળજ્ઞાન પ્રાપ્ત થતું નથી.

હવે આ સંબંધમાં શિષ્ય પ્રશ્ન કરે છે અને ગુરુ ઉત્તર આપે છે.

कोऊ शिष्य कहै स्वामी ! असुभ क्रिया असुद्ध,
सुभक्रिया सुद्ध तुम ऐसी क्यौं न वरनी ।
गुरु कहै जबलौं क्रियाके परिनाम रहैं,
तबलौं चपल उपयोग जोग धरनी ।
थिरता न आवै तोलौं सुद्ध अनुभौ न होइ,
यातैं दोऊ क्रिया मोख-पंथकी कतरनी ।
बंधकी करैया दोऊ दुहूमें न भली कोऊ,
बाधक विचारि में निसिद्ध कीनी करनी ॥१२॥

વીતરાગના કેડાયત સંતોએ એક એક કડીમાં વીતરાગી વાણી વરસાવી છે.

અર્થ:—શિષ્ય કહે છે સ્વામી! આપે અશુભક્રિયાને અશુદ્ધ કહી તે તો બરાબર પણ, શુભક્રિયાને શુદ્ધ કેમ ન કહી?

ગુરુ ઉત્તર આપે છે કે જ્યાંસુધી શુભ-અશુભક્રિયાના પરિણામ રહે છે ત્યાં સુધી જ્ઞાન-દર્શન ઉપયોગ અને મન-વચન-કાયાના યોગ ચંચળ રહે છે. આત્મામાં સ્થિરતા થતી નથી અને સ્થિરતા ન થાય ત્યાં સુધી શુદ્ધ અનુભવ થતો નથી તેથી બંનેય ક્રિયાઓ મોક્ષમાર્ગમાં બાધક છે, બંનેય બંધ ઉત્પન્ન કરનાર છે, બંનેમાંથી કોઈ સારી નથી. બંને મોક્ષમાર્ગમાં બાધક છે—એવો વિચાર કરીને મેં ક્રિયાનો નિષેધ કર્યો છે.

જ્યાં સુધી વિકલ્પ આવે છે કે હું વ્રત પાળું, તપ કરું, દાન કરું, દયા પાળું... ત્યાં સુધી આત્મસ્વરૂપનો અનુભવ થઈ શકતો નથી. પઠન, પાઠન, સ્મરણ એ બધી ક્રિયામાં પણ વિકલ્પની ચંચળતા છે, સ્થિરતા નથી. વિકલ્પની જાળમાંથી છૂટયાં વિના સ્થિરતા આવતી નથી. મન-વચન-કાયાના યોગ અને જ્ઞાન-દર્શન ઉપયોગ એ બંને જ્યાં સુધી ચપળ છે ત્યાં સુધી સ્થિરતા થતી નથી. આવા અસ્થિર એવા શુભભાવમાં શુદ્ધાત્માનો અનુભવ કેમ હોય?

थिरता न आवै तोलौं सुद्ध अनुभव न होइ । સ્થિરતા ન થાય ત્યાં સુધી શુદ્ધ અનુભવ થતો નથી માટે કહ્યું કે શુભ અને અશુભ બંને ક્રિયા મોક્ષપંથને કાતરનારી છે—કાપનારી છે, સ્વદ્રવ્યના આશ્રયે પ્રગટ થતો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષપંથ છે તેને કાતરનારી છે. શુભભાવ પણ મોક્ષમાર્ગને કાપે છે.

શુભભાવની ચપળતા મોક્ષમાર્ગમાં બાધક છે. અનંત શાંતિનો સાગર આત્મા મહા આનંદથી પૂર્ણ છે. તેમાં સ્થિરતા કરવામાં શુભભાવ પણ વિઘ્નરૂપ થાય છે.

बन्धकी करैया दोऊ दुहूमें न भली कोऊ. શુભ અને અશુભ બંને ક્રિયા બંધને કરનારી છે માટે બેમાંથી એકેય ભલી નથી તો પછી મંદિર આદિનું શું પ્રયોજન છે એમ કોઈને થાય પણ ભાઈ! મંદિર આદિ તેના કારણે હોય છે અને શુભવિકલ્પ આવે ત્યારે લક્ષ ત્યાં જાય છે પણ તે મોક્ષમાર્ગમાં બાધક છે. પણ જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી વચ્ચે બાધકભાવ આવ્યા વગર રહેવાનો નથી. સાધક છે ત્યાં સુધી બાધકભાવ આવવાનો જ છે પણ તે ધર્મનું કે મોક્ષનું કારણ નથી.

વીતરાગ પરમાત્મા અને પરમાર્થના કહેનારા સંતોએ શુભ અને અશુભ બંને ભાવોને મોક્ષમાર્ગમાં બાધક જાણીને તેનો નિષેધ કર્યો છે. આગળ આવ્યું હતું કે બંને ભાવમાં દોડધૂપ છે, ભટકવું છે. અહીં કહ્યું કે મોક્ષમાર્ગમાં બાધક છે માટે તેનો નિષેધ કર્યો છે.

હવે ૧૦ કળશના પદ્યમાં કહે છે કે માત્ર જ્ઞાન જ મોક્ષમાર્ગ છે. અહા! જ્ઞાનસ્વરૂપ ચૈતન્યઘન धावति – દોડે છે. પ્રજ્ઞાબ્રહ્મ આત્મા પુણ્ય-પાપના વિકલ્પોની રુચિ છોડી નિજસ્વરૂપમાં દોડે છે—પરિણતિ કરે છે. જ્ઞાન સ્વરૂપમાં દોડે છે તેનું નામ મોક્ષમાર્ગ છે એમ અહીં કહે છે.

मुकतिके साधककौं बाधक करम सब,
आतमा अनादिकौ करम मांहि लुक्यौ है ।
एते पर कहै जो कि पाप बुरौ पुन्न भलौ,
सोई महा मूढ़ मोख मारगसौं चूक्यौ है ।
सम्यक् सुभाव लिये हियेमें प्रगटयौ ग्यान,
उरध उमंगि चल्यौ काहूपै न रूक्यौ है ।
आरसीसौ उज्जल बनारसी कहत आपु,
कारन सरूप ह्वैकै कारजकौं ढुक्यौ है ॥ १३ ॥

અર્થ:—મોક્ષના સાધક આત્માને સર્વ કર્મ બાધક છે, આત્મા અનાદિકાળથી કર્મોમાં છુપાયેલો છે, એમ છતાં પણ જે પાપને ખરાબ અને પુણ્યને સારું કહે છે તે જ મહામૂર્ખ મોક્ષમાર્ગથી વિમુખ છે. જ્યારે જીવને સમ્યગ્દર્શન સહિત જ્ઞાન પ્રગટ

થાય છે ત્યારે તે અનિવાર્ય [illegible]ત્તે કરે છે. પં. બનારસીદાસજી કહે છે કે તે જ્ઞાનદર્પણની સમાન ઉજ્જવળ સ્વયં કારણસ્વરૂપ થઈને કાર્યમાં પરિણમે છે અર્થાત્ સિદ્ધપદ પ્રાપ્ત કરે છે.

**मुकतिके साधकको बाधक करम सब**—મોક્ષની પ્રાપ્તિમાં કારણ એવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સર્વ કર્મો બાધકરૂપ છે. વ્રતના પરિણામ હો કે અવ્રતના પરિણામ હો તે બધાં વિઘ્ન કરનારા છે.

કોઈ જગ્યાએ વ્યવહારરત્નત્રયને મોક્ષમાર્ગમાં બાધક કહ્યા છે તો કોઈ જગ્યાએ સાધક કહ્યાં છે. છહાળામાં વ્યવહારને નિશ્ચયનો હેતુ અર્થાત્ કારણ કહ્યું છે તે નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે કહ્યું છે. વ્યવહારરત્નત્રયના પરિણામ નિશ્ચયપરિણમનમાં નિમિત્ત હોવાથી ઉપચારથી તેને નિશ્ચયના હેતુ કહ્યાં છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ સ્વરૂપનું સાધન છે તે પ્રગટ કરવામાં દયા-દાનાદિ પરિણામ તો વિઘ્ન કરનારા છે. તેને સાધન કેમ કહેવાય! પંચાસ્તિકાયમાં મૂળ ગાથામાં આચાર્યદેવે વ્યવહારને નિશ્ચયનું સાધન કહ્યું છે અને નિશ્ચયને સાધ્ય કહ્યો છે ત્યાં તે ભૂમિકામાં વિકલ્પની મર્યાદા શું હોય છે તેનું જ્ઞાન કરાવ્યું છે. બાકી જે બાધકભાવ છે તે કાંઈ ખરેખર સાધન થઈ શકતા નથી. વિકલ્પમાત્ર સ્વરૂપના સાધનમાં બાધક છે.

**करम** એટલે ક્રિયા—પુણ્ય અને પાપ બંને ક્રિયા મુક્તિના સાધકને બાધકરૂપ છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ આદિ શુભરાગ અને હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહ આદિ અશુભરાગ એ બંને પ્રકારના રાગ મોક્ષમાર્ગમાં બાધક છે. અનાદિથી આત્મા આ પુણ્ય-પાપના ભાવમાં ઢંકાઈ ગયો છે. તેને પોતાને પોતાના સ્વરૂપની ખબર નથી. નિજસ્વરૂપ તો રાગરહિત છે તેને ઓળખ્યા વગર વ્રત પાળવા, તપ કરવા, ઉપધાન કરવા, ઉપવાસ કરવા આદિ શુભ અને અશુભ વિકલ્પોમાં પોતે ઢંકાઈ ગયો છે. છતાં પણ જે એમ કહે છે કે પાપ ખરાબ છે પણ પુણ્ય તો સારું છે—તે મહામૂર્ખ મોક્ષમાર્ગથી વિમુખ છે. જૈનધર્મને તે જાણતો નથી. વીતરાગની વાણીને તે સમજતો નથી. મોટો મૂઢ છે. મોક્ષમાર્ગથી તે ભૂલો પડી ગયો છે.

અંતરમાં આત્મામાં એકાગ્ર થવું તે મોક્ષમાર્ગ છે. ક્રિયાકાંડના વિકલ્પ ઊઠે તેમાં મોક્ષમાર્ગ માને એ તો મોટો મૂઢ છે.

**सम्यक् सुभाउ लिये हियेमैं प्रगटयौ ग्यान**—હવે સવળી વાત કરે છે કે જેને સમ્યગ્દર્શન સહિત જ્ઞાન પ્રગટ થયું તેનો ઉન્નતિક્રમ ચાલુ થઈ ગયો, તેની

અનિવાર્યપણે વૃદ્ધિ થશે. પૂર્ણાનંદપ્રભુ અનંતજ્ઞાન સ્વરૂપ છે તેને જેણે વિકલ્પથી દૂર થઈને અનુભવમાં લીધો તેને જ્ઞાનસ્વભાવમાંથી જ્ઞાન પ્રગટયું. પુણ્ય-પાપના વિકલ્પ ઊઠતાં હતા તે તો બંધના કારણ હતા, ઝેર હતા, દુઃખરૂપ હતા તેનાથી છૂટીને જેને અંતરમાં જ્ઞાન પ્રગટયું કે અરે! હું તો આત્મા છું, પુણ્ય-પાપના વિકલ્પના ક્રિયાકાંડથી મારી ચીજ તો ભિન્ન છે, હું તો શુદ્ધ આનંદમૂર્તિ છું એમ જ્યાં હૃદયમાં સમ્યગ્જ્ઞાન પ્રગટયું તે હવે ઉત્સાહપૂર્વક સ્વરૂપમાં ઉન્નતિ કરે છે—આગળ આગળ ચાલ્યો આવે છે.

પુણ્યભાવમાં ધર્મ માનીને નીચે નીચે દુર્ગતિમાં જતો હતો તે હવે નિજ સ્વરૂપનું જ્ઞાન પ્રગટ કરીને ઊર્ધ્વ ઊર્ધ્વ જવા લાગ્યો. ઉન્નતિના પંથે ચડી ગયો. દ્રવ્યસ્વભાવને પકડયો તેને શક્તિમાં રહેલા કેવળજ્ઞાનાદિ ગુણો હવે પ્રગટ થયા વિના રહેશે નહિ.

બનારસીદાસજી કહે છે ઉત્સાહથી આગળ વધ! દયા, દાન, વ્રતાદિની દૃષ્ટિ છોડ, આનંદસ્વરૂપ ચૈતન્યભગવાનની દૃષ્ટિ કર! ઊર્ધ્વગામી થઈશ, અમૃતસ્વરૂપમાં રમતો આગળ વધી જઈશ. દુઃખી થવું નહિ પડે.

'હમ તો કબહૂં ન નિજઘર આયે...'
પરઘર ફિરત બહુત દિન બીતે, નામ અનેક ધરાયે...
પરપદ નિજપદ માન મગન વ્હૈ, પરપરિણતિ લિપટાયે...

પુણ્ય-પાપના વિકલ્પો એ તો પરપરિણતિ છે તેમાં જીવ લપટાઈ ગયો છે. પરપદને નિજપદ માનીને તેમાં મગ્ન થઈ રહ્યો છે તેણે પોતાના શુદ્ધ-બુદ્ધ ચૈતન્યઘન એવા મનોહરપદને કદી ભાવ્યું નથી. વ્યભિચારી થઈને પરઘરમાં ભમ્યો છે. ભક્તિમાં આ બધું આવે છે.

उरध उमंगि चल्यौ काहूपै न रूक्यौ है ।—ઉમંગથી આગળ વધવા લાગ્યો તેને હવે કોઈ કર્મ રોકી શકે તેમ નથી. ચૈતન્યસ્વરૂપ ભગવાનની દૃષ્ટિ અને રમણતારૂપ નિર્મળતા પ્રગટ થઈ તેની સ્વચ્છ અરીસા સમાન ઉજ્જવળ દશા જ તેના મોક્ષનું કારણ થશે. પુણ્ય-પાપની દશા તો મેલી હતી. તે નાશ થઈ અને સ્વભાવની નિર્મળદશા પ્રગટ થઈ તે જ કારણરૂપ થઈને મોક્ષના પૂર્ણ નિર્મળ કાર્યને લાવશે. કારણ પ્રગટ થયું તેને અનિવાર્યપણે કાર્ય પ્રગટ થશે. અવશ્ય સિદ્ધપદ પ્રાપ્ત કરશે.

[ ક્રમશઃ ]

# વૈરાગ્ય અને પુરુષાર્થપ્રેરક પ્રદ્યુમનકુમારની કથા

એક દિવસ રાત્રિ વિશે પલંગ પર રૂક્ષ્મણી સૂતી હતી. સ્વપ્નમાં હંસ-વિમાન પર ચઢીને પોતાને આકાશમાં ગમન કરતી દેખી. પછી જાગૃત થતાં અતિ પ્રસન્ન થઈ. પ્રભાતે શ્રીકૃષ્ણને સ્વપ્નનું ફળ પૂછયું, પતિએ કહ્યું કે તને પુત્રરત્ન પ્રાપ્ત થશે જે આગામી મહાપુરુષ થશે. પતિના આ વચન સાંભળી રૂક્ષ્મણી હર્ષ પામી. તે પછી નવ મહિના પૂર્ણ થયે રૂક્ષ્મણીને સર્વ લક્ષણ યુક્ત પુત્ર જન્મ્યો. તે જ સમયે એક ધૂમકેતુ નામનો અસુર મહાબળવાન, ધૂમકેતુ કહીએ અગ્નિ સમાન પ્રજ્વલીત, તેનું વિમાન રૂક્ષ્મણીના મહેલ ઉપર અટકયું, તેથી કુઅવધિજ્ઞાનથી તેણે રૂક્ષ્મણીનો પુત્ર પોતાનો શત્રુ જાણ્યો, તેથી ક્રોધ કરી વિમાનથી નીચે ઊતરી ગુપ્તરૂપધારી રૂક્ષ્મણીના પ્રસુતિગૃહમાં પ્રવેશ કર્યો. જોકે રૂક્ષ્મણીના મહેલમાં રક્ષા ઘણી છે, કોઈ આવી શકે તેમ નથી, તેમ છતાં વિદ્યાબળે રૂક્ષ્મણીને નિંદ્રાધીન કરીને બાળકને પોતાના હાથમાં ઉપાડી લીધો ને આકાશમાં ઉપાડી ગયો. ઉપર લઈ જઈ ને વિચાર કર્યો કે આ મારો શત્રુ પૂર્વભવમાં મારી સ્ત્રીનું હરણ કરનારો છે તેથી આને હાથથી મસળીને મારી નાખું કે નખથી ચીરી ચીરીને આકાશના પક્ષીઓને ખવડાવી દઉં અથવા સમુદ્રમાં નાખી મગરમચ્છને ખવડાવી દઉં અથવા આ તત્કાલનો જન્મેલો માંસનો પિંડ છે તેને મારવા કરતાં રક્ષા વિના ખુદ પોતે મરી જશે. એમ વિચાર કરી અસુર આકાશમાંથી ઊતર્યો એક ગહન અટવી જોઈ ને ત્યાં મોટી ભારે શીલાની નીચે બાળકને દાબીને ધૂમકેતુ નામનો અસુર અદ્રશ્ય થઈ ગયો.

તે સમયે મેઘકૂટ નામના નગરનો અધીપતી કાલસંવર નામનો વિદ્યાધર પોતાની કનકમાલા નામની રાણી સહિત વિમાનમાં બેસી જતા હતા તેથી બાળકના પુણ્યથી ત્યાં વિમાન અટકયું ત્યારે તેણે વિચાર્યું કે આ શું કારણ છે? તુરત જ તે પૃથ્વી પર ઊતર્યા, બાળકના શ્વાસથી શીલા હલતી જોઈ ત્યારે વિદ્યાના બળથી શીલા ઉપાડી લીધી અને બાળકને જોયો કે જેના અંગો અખંડિત છે, સ્વર્ણ સમાન છે, પ્રભાવ સાક્ષાત કામદેવ જેવો છે. તેથી તે દયાળુ વિદ્યાધરે બાળકને લઈ ને પોતાની રાણી કનકમાલાને આપીને કહ્યું કે તારે પુત્ર નથી ને! તો આ લે. ત્યારે કનકમાલાએ બાળકને છાતીએ લગાડયો. પછી રાજારાણી બંને પુત્ર સહિત મેઘકુટનગર ગયા. હજી એક દિવસનો હતો ત્યારે રાતના સમયે મળ્યો અને રાજારાણી સિવાય બીજા કોઈ જાણુતા ન હતા. તેથી નગરમાં જઈ ને રાજાએ કહ્યું કે રાણીને ગુઢગર્ભ હતો અને માર્ગમાં બાળક જન્મ્યો છે. રાજાએ ખૂબ ઉત્સવ કર્યો. નગરમાં બધાને આનંદ થયો. વિદ્યાધરોએ ખૂબ નૃત્ય તેમ જ દાન

કરી ખૂબ મોટો આનંદોત્સવ ઉજવ્યો અને પદ્યુમન નામ રાખ્યું. રાજા કાલસંવરના ઘરે અન્ય રાણીઓના સેંકડો કુમારો સાથે પ્રદ્યુમન વૃદ્ધિ પામવા લાગ્યો.

આ તરફ રૂક્ષ્મણી જાગીને જોવે છે તો પુત્ર જોયો નહીં તેથી વૃદ્ધ બાઈને પૂછયું કે પુત્ર કયાં છે તપાસ કરો; તપાસ કરતાં પુત્ર કયાંય મળ્યો નહીં તેથી માતા વિલાપ કરવા લાગી. હાય પુત્ર ! કોઈ વેરીએ તારું હરણ કર્યું છે. પૂર્વોપાર્જિત પુણ્યે નિધિ બતાવીને છીનવી લીધી. મેં પૂર્વભવે કોઈનાં પુત્રનું હરણ કર્યું હશે તેનું આ ફળ છે. આ રીતે રૂક્ષ્મણીએ વિલાપ કરતાં સર્વ લોકો વિલાપ કરવા લાગ્યા. શ્રીકૃષ્ણ બળદેવને જાણ થતાં સૌ રૂક્ષ્મણીના મહેલે આવ્યા. રૂક્ષ્મણી આદિ સર્વ રાજલોકનું રૂદન સાંભળી ત્રણખંડના સ્વામી નારાયણ પોતાના ભુજબળ અને અસાવધાનીને નિંદતા કહે છે કે જગતમાં બે જ પદાર્થ છે, એક દૈવ અને બીજો પુરુષાર્થ, તેમાં દૈવ ( કર્મોદય ) જ બળવાન છે. જે પુરુષાર્થનો ગર્વ કરે તેને ધિક્કાર છે. જો પુરુષાર્થ જ બળવાન હોય તો હું વાસુદેવ ઉઘાડી તલવાર સમાન તેજસ્વી મારા પુત્રને શત્રુ કેમ લઈ જઈ શકે ? વગેરે વિચાર કરી ફરી કૃષ્ણ રૂક્ષ્મણીને કહે છે હે પ્રિયે ! તું શોક ન કર, ધૈર્ય ધારણ કર. તે પુત્ર સ્વર્ગલોકથી આવ્યો છે. પુણ્ય-અધિકારી છે. તેથી અલ્પ આયુષ્યવાળો ન હોય. મારા જેવા પિતાને અને તારી જેવી માતાને હિણ પુણ્યવાળો અને અલ્પ આયુષ્યવાળો પુત્ર ન હોય. આ કોઈ ભવિતવ્ય એવું જ હશે. આમ અનેક જીવને ઉપાડી જાય છે અને પાછા આવે છે. તારો પુત્ર લોકોના નેત્રોના ઉત્સવનો કર્તા છે. તેને હું ગમે ત્યાંથી શોધીને લાવીશ.

આ રીતે રૂક્ષ્મણીને વાસુદેવે ધૈર્ય બંધાવ્યું અને પુત્ર શોધવાનો ઉપાય કરે છે. તે જ સમય નારદજી આવતાં રૂક્ષ્મણીના પુત્રના ગુમ થયાના સમાચાર સાંભળી ખૂબ દુઃખી થાય છે. નારદજી નારાયણને કહે છે તું શોક નહીં કર, તારા પુત્રની વાર્તા હું શીઘ્ર લાવું છું. અત્યારે આ ક્ષેત્રમાં અતિમુકિતક નામના મુનિ અવધિજ્ઞાની હતાં તે કેવળજ્ઞાન પામી નિર્વાણ પામ્યા છે અને ભગવાન નેમિનાથ ત્રણ જ્ઞાનના ધણી છે. પરંતુ તે અવધિજ્ઞાન નહીં મૂકે. તેથી હું વિદેહ જઈને સીમંધર જિનેશ્વરને પૂછીને તારા પુત્રના સમાચાર જલ્દીથી લાવું છું. આ રીતે રૂક્ષ્મણીને સંતોષ ઉપજાવી નારદ સીમંધર ભગવાનના સમોસરણમાં જઈને ભગવાનને નમસ્કાર કરીને બેઠા. ચક્રવર્તીએ પૂછ્યું કે હે ભગવાન આ મનુષ્યના આકારવાળો કઈ જાતનો કીડો છે ? ભગવાને કહ્યું કે જંબૂદ્વીપના ભરતક્ષેત્રના નારદ છે. નવમાં વાસુદેવ કૃષ્ણના મિત્ર છે. પદ્મરથ ચક્રવર્તીએ પૂછ્યું કે પ્રભુ નારદ અહીં શા માટે આવ્યા છે ? ત્યારે ભગવાન ચક્રવર્તીને બધી કથા કહે છે.

[ ક્રમશઃ ]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

* ધાર્મિક શિક્ષણવર્ગ:—ડિસેમ્બર માસની રજાઓમાં તા. ૨૪-૧૨-૯૭, બુધવારથી તા. ૨-૧-૯૮, શુક્રવાર—૧૦ દિવસ માટે ધાર્મિક શિક્ષણવર્ગ રાખવામાં આવ્યો છે. શિક્ષણાર્થીઓને લાભ લેવા સોનગઢ પધારવાનું ટ્રસ્ટ તરફથી આમંત્રણ છે.

* શ્રી કુંદકુંદઆચાર્ય-પદારોહણ-દિન—માગશર વદ ૮, સોમવાર, તા. ૨૨-૧૨-૯૭ના રોજ પૂજાભક્તિ તેમ જ જ્ઞાનોપાસનાપૂર્વક ઉજવવામાં આવશે.

* સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા તેમના ભક્તશિરોમણિ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ધર્મપ્રભાવના-છાયામાં, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢના ઉપ-પ્રમુખશ્રી તેમ જ ટ્રસ્ટી ડૉ. પ્રવિણભાઈ દોશીના માર્ગદર્શનમાં ૧૧૧ યાત્રીઓ સહિત તા. ૨૪-૧૦-૯૭ થી તા. ૯-૧૧-૯૭—૧૬ દિવસ સુધી બુંદેલખંડના તીર્થો—જબલપુર, મઢિયાજી, કોનેજી, પનાગર. બહોરીબંદ, કુંડલપુર, નૈનાગિરિ, દ્રોણગિરિ, ખજૂરાહો, આહારજી, પપૌરાજી, લલિતપુર, ચંદેરી, દેવગઢ, ખંડેરી, થુબોનજી, બજરંગગઢ, શિવપુરી, સોનાગિરી, ગ્વાલિયર, ગોપાચલ, ફિરોઝાબાદ, આગરા, મથુરા-ચૌરાશી, અલીગઢ, બુલંદશહર, હસ્તિનાપુર તથા બેહલીની યાત્રા અનેકવિધ રોચક ધાર્મિક કાર્યક્રમ સહિત સાનંદ સફળ રહી.

* કુંદકુંદ-કહાન પરિવાર યુવકમંડળ, બૃહદ્દમુંબઈ દ્વારા આયોજિત, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ૮૫મા વર્ષના મહામણિજન્મોત્સવના અંતર્ગત, તા. ૨૬-૧૨-૯૭ થી તા. ૨૮-૧૨-૯૭—ત્રિદિવસીય "અધ્યાત્મજ્ઞાન-મહાયાગ" ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ પૂજ્ય બહેનશ્રીની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ સોનગઢમાં રાખવામાં આવ્યો છે. બધા મુમુક્ષુઓને લાભ લેવા યુવકમંડળ તરફથી અનુરોધ છે.

* અલીગઢનિવાસી શ્રી પવનકુમાર કૈલાસચંદજી જૈન દ્વારા, સોનગઢ-ટ્રસ્ટના ટ્રસ્ટી, તેમ જ મંત્રી-પ્રવચનકાર શ્રી ચિમનલાલ ઠાકરશી મોદીના સંઘાધિપતિત્વમાં, આયોજિત "શ્રી કુંદકુંદકહાન દિગંબર જૈન તીર્થયાત્રાસંઘ"ની બુંદેલખંડ તથા ઉત્તરપ્રદેશના જૈન તીર્થોની ૧૫૦ યાત્રીઓ સહિતની યાત્રા તા. ૨-૧૧-૯૭ થી તા. ૧૭-૧૧-૯૭ આનંદપ્રદ તથા ધર્મપ્રભાવનાપૂર્ણ રહી. ઝાંસી, સાંવલીયા પાર્શ્વનાથ, સોનાગિરિ, ગ્વાલિયર-ગોપાચલ, ભીંડ, શૌરીપુર-બટેશ્વર, ફિરોઝાબાદ, આગરા, ચૌરાશી-મથુરા, અલીગઢ, બુલંદશહર, મવાના, હસ્તિનાપુર, બહલના, દહેરાદૂન, મસૂરી, ઋષિકેશ, શ્યામપુર, હરિદ્વાર, ખતૌલી, દીલ્હી ઇત્યાદિ સ્થાનોમાં જિનદર્શન-પૂજા-ભક્તિ-શાસ્ત્રવાંચન તથા જ્ઞાનવિકાસ-પ્રશ્નોત્તરી દ્વારા,

યાત્રા ઉપરાંત અધ્યાત્મતત્ત્વજ્ઞાનની ઉપાસનાનો લાભ મળ્યો. યાત્રા-આયોજક શ્રી પવનકુમાર જૈનનો તન-મન-ધનથી અત્યંત ઉત્સાહ તથા આનંદ પ્રશંસનીય હતા. દરેક સ્થળોએ સ્થાનિક દિગંબર જૈન સમાજના ઉત્સાહપૂર્ણ સહયોગથી સુંદર વ્યવસ્થા હતી. આ યાત્રાસંઘના માધ્યમથી અધ્યાત્મયુગસ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રીની અધ્યાત્મતત્ત્વજ્ઞાનની ઉત્તરપ્રદેશમાં વિશેષ પ્રભાવના થાય તથા ત્યાંના મુમુક્ષુઓ સોનગઢપ્રતિ વિશેષ આકર્ષિત બને એવી યાત્રા-આયોજકશ્રીની ભાવના ખરેખર ધર્મપ્રભાવનાપૂર્ણ સફળ રહી.

## વૈરાગ્ય સમાચાર :—

* શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢના પ્રમુખ શ્રી હસમુખભાઈ પોપટલાલ વોરા ( તથા શ્રી પ્રવિણભાઈ, શ્રી રજનીભાઈ, શ્રી હર્ષદભાઈ, શ્રી રમેશભાઈ, શ્રી નરેન્દ્રભાઈ તથા જયશ્રીબેન )ના માતુશ્રી રંભાબેન પોપટલાલ વોરા ( વર્ષ-૮૬ ) તા. ૧૭-૧૧-૮૭ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને તત્ત્વનો ઘણો રસ હતો. જોરાવરનગરના જિનમંદિરના પંચકલ્યાણક પ્રસંગે તેઓને વિધિનાયક ભગવાનના માતા બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. ધર્મ-પ્રભાવનાના કાર્યોમાં તેઓની ઉત્સાહપ્રેરક અનુમોદના રહેતી હતી. સોનગઢમાં મકાન બનાવીને શ્રી પોપટભાઈએ તથા શ્રી રંભાબેને સોનગઢમાં ઘણો વખત રહીને ઘણો લાભ લીધો હતો ત્યારબાદ પણ વારંવાર સોનગઢ આવીને ઉત્સાહપૂર્વક લાભ લેતા હતા. દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રતિ તેમ જ ભવોદધિ-તારણહાર કૃપાળુ ગુરુદેવશ્રી અને પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી પ્રતિ અત્યંત ભક્તિભાવ હતો.

* વઢવાણશહેરનિવાસી ( હાલ-મુંબઈ ) શ્રી ધીરજલાલ મનસુખલાલ બોરડીયાના જ્યેષ્ઠપુત્ર શ્રી હેમંતભાઈ ( વર્ષ-૬૨ ) ઇન્દોર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. આ નવા વર્ષથી તેઓને નિવૃત્તિપૂર્વક સોનગઢ સ્થાયી રહેવાની ભાવના હતી.

* સોનગઢનિવાસી શ્રી અરવિન્દભાઈ જયંતીલાલ માવાણી ( વર્ષ-૫૧ ) તા. ૧૪-૧૧-૯૭ના રોજ અકસ્માતથી સોનગઢ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ છેલ્લા ૧૯ વર્ષથી સોનગઢ સ્થાયી રહીને ઘણો લાભ લીધો હતો.

* જામનગરનિવાસી શ્રી ચંપાબેન મથુરદાસ દોશી ( વર્ષ-૮૪ ) તા. ૨૩-૧૧-૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* દહેગામનિવાસી ( હાલ-અમદાવાદ ) શ્રી બાબુલાલ કેશવલાલ શાહ ( વર્ષ-૮૩ ) તા. ૨૬-૧૧-૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* બોટાદનિવાસી ( હાલ-સાંગલી ) શ્રી વેણીલાલ શીવલાલ ગાંધી ( વર્ષ-૮૯ ) તા. ૧૩-૧૧-૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓએ પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પ્રરૂપિત અધ્યાત્મતત્ત્વજ્ઞાનનો ઘણો લાભ લીધો હતો. દેવ-શાસ્ત્ર-ગુરુના શરણમાં શીઘ્ર આત્મોન્નતિ પામે એ જ ભાવના.

જિનેન્દ્રમહિમાનો મંગલ અવસર!

બેંગલોર (કર્ણાટક)ના ઉપનગર—રાજાજીનગરમાં

શ્રી નેમિનાથ દિગંબર જિનમંદિરની પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં

## શ્રી દિગંબર જિનબિંબ—પંચકલ્યાણક—પ્રતિષ્ઠામહોત્સવ

[ તા. ૨-૨-૯૮ થી તા. ૯-૨-૯૮ ]

આનંદોલ્લાસપૂર્વક જણાવવાનું કે—વર્તમાન અધ્યાત્મયુગના સ્રષ્ટા, દ્રવ્યદૃષ્ટિપ્રધાન-સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ તદ્ભક્ત સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પુનીત ધર્મોપકાર-છાયામાં બેંગલોર (કર્ણાટક)ના ઉપનગર-રાજાજીનગરમાં નવનિર્મિત શ્રી નેમિનાથ દિગંબર જિનમંદિરની વિધિનાયક શ્રી આદિનાથના પંચકલ્યાણકપૂર્વક પાવન પ્રતિષ્ઠા (મહા સુદ ૧૩, તા. ૯-૨-૯૮ સોમવાર)નો મહોત્સવ મહા સુદ ૬, સોમવાર, તા. ૨-૨-૯૮ થી મહા સુદ ૧૩, સોમવાર, તા. ૯-૨-૯૮ સુધી અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવાનું અમોએ—બેંગલોરના શ્રી મહાવીર-કુંદકુંદ-કહાન દિગંબર જૈન શુદ્ધ આમ્નાય-અનુયાયી શ્રી કુંદકુંદ-કહાન-સૂર્ય સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, તેમ જ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંડળ ટ્રસ્ટે નક્કી કર્યું છે, જેનો લાભ લેવા સર્વે મુમુક્ષુઓને હાર્દિક આમંત્રણ છે.

[ પ્રતિષ્ઠામહોત્સવનીમહત્વપૂર્ણ બોલી—ઇન્દ્રો, અહમિન્દ્રો, તેમ જ કુબેર ઇત્યાદિ—પ્રતિષ્ઠાના પહેલાં દિવસે (તા. ૨-૨-૯૮) તથા પ્રતિષ્ઠામંડપમાં વિધિ-અધ્યક્ષ શ્રી જિનબિંબ બિરાજમાન કરવાની, અખંડદીપ-પ્રદીપનની, ધર્મધ્વજારોહણની તેમ જ પંચપરમેષ્ઠીમંડલવિધાન પૂજનના ઇન્દ્રોની બોલી તા. ૧-૨-૯૮ ને રવિવારના રોજ બોલવામાં આવશે. ]

નિમંત્રક—

શ્રી કુંદકુંદ-કહાન-સૂર્ય સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

તેમ જ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંડળ ટ્રસ્ટ, બેંગલોર

# * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

* સર્વજ્ઞ પરમાત્માનો આ પોકાર છે. સર્વજ્ઞ પરમાત્મા સૌને નિજ સત્તાએ શુદ્ધ દેખે છે અને સર્વજ્ઞની જેમ સૌ પોતાને નિજ સત્તાએ શુદ્ધ દેખે તો તેને તેવો જણાય. આ થોડા અક્ષરમાં ભગવાન આત્માનું આખું સ્વરૂપ આવી જાય છે. અહીં કહે છે કે આવો ભગવાન આત્મા સૌને સદાકાળ જણાય છે છતાં જણાતો કેમ નથી ? જ્ઞાનની પર્યાયમાં એવી તાકાત છે કે આખા ભગવાન આત્માને જાણે. જ્ઞાનની પર્યાયમાં ભગવાન આત્માને જાણે છે છતાં કેમ જણાતો નથી ?—કે અંદર મહાપ્રભુ બિરાજે છે તે જ્ઞાનમાં જણાવા છતાં પોતે રાગને વશ થઈને રાગને જ જોવે છે તેથી પોતે જણાતો નથી. ૭૭.

* ભગવાન સર્વજ્ઞના કેવળજ્ઞાનમાં ત્રણકાળ ત્રણલોકના પર્યાયો પ્રત્યક્ષ જણાય છે. જેમ કેવળજ્ઞાનમાં ત્રણકાળના પર્યાયો જણાય છે તેમ જ પદાર્થોમાં ક્રમબદ્ધપર્યાયો થાય છે, કેવળજ્ઞાને જાણ્યું માટે નહિ પણ પદાર્થોના પર્યાયો પોતાથી સ્વકાળે તે જ રીતે થાય છે અને તેમ સર્વજ્ઞ જાણે છે. આહાહા ! પરદ્રવ્યને કરવાની તો વાત નથી પણ પોતાના અશુદ્ધ ને શુદ્ધ પર્યાયો સ્વકાળે ક્રમબદ્ધ જે થવાના તે જ થાય એટલે પોતામાં પણ પર્યાયને આડી-અવળી કરવાનું જ રહ્યું નહિ. માત્ર જેમ થાય છે તેમ જાણવાનું જ રહ્યું. જેમ સર્વજ્ઞ જ્ઞાતા છે તેમ ધર્મી પણ જ્ઞાતા થઈ ગયો. ક્રમબદ્ધના નિર્ણયનું તાત્પર્ય અકર્તાપણારૂપ વીતરાગતા છે. એ વીતરાગતા અનંત પુરુષાર્થે દ્રવ્ય ઉપર દૃષ્ટિ જતાં થાય છે. આહાહા ! આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે. ૭૮.

* પરમાણુમાં રંગગુણ ત્રિકાળી છે. તેની પર્યાય પહેલાં સમયે કાળી હોય તે બદલીને બીજા સમયે લાલ, સફેદ, પીળી થઈ જાય તેનું કારણ કોણ ? જો રંગગુણ કારણ હોય તો રંગગુણ તો કાયમ છે છતાં પરિણમનમાં આમ વિચિત્રતા કેમ ? ખરેખર તો તે સમયની પર્યાય પોતાના ષટ્કારકથી સ્વતંત્ર પરિણમી છે. તેમ દરેક દ્રવ્યની પર્યાય તે તે કાળે સ્વતંત્ર પરિણમે છે. આહાહા ! સ્વતંત્રતાની વાતો બહુ સૂક્ષ્મ છે. ૭૯.

## * અસત્યની અનુમોદના પણ ન હો *

આર્ય પુરુષોંને તરાજૂમેં એક તરફ તો સમસ્ત પાપોંકો રખ્ખા ઔર એક તરફ અસત્યસેં ઉત્પન્ન હુએ પાપકો રખકર તૌલા તો દોનોં સમાન હુએ.

ભાવાર્થ—અસત્ય અકેલા હી સમસ્ત પાપોંકે બરાબર હૈ.

—*શ્રી શુભચંદ્રઆચાર્યદેવ,*

*(શ્રી જ્ઞાનાર્ણવ, સર્ગ-૯, શ્લોક-૩૩)*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364250 (INDIA)

Licence No. 21 `Licensed to Post Without Prepayment'

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦
મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૨૦૧/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૧૮/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૧૬૮/– અલગ]